તાત તણો પ્રતિબિંબ રે રસના



વર્ષ ૩ અંક ૧

શ્રીવરુથિની એકાદશી વ્રત

ચૈત્ર વદ ૧૧, ૨૦૬૬



राग नट

जो पे श्रीवल्लभ धरते न रूप;

अर्थ श्रीभागवतको को कहि सकतो पतित परत सब कूप ।। १ ।।

अधगज वनवपु वसन न पावत नाम सुनत मृगभूप;

विष्णुदास चरणन छाया तक अकुलानो भवधूप ।। २ ।।

અનુક્રમણિકા

શ્રીગોકુલેશ પાઠશાળા

।। શ્રીગોકુલેશો જયતિ ।।

तात तणो प्रतिबिम्ब रे रसना – सर्वदा सेव्य दादाजी श्रीगोकुलेश प्रभुचरणके दिव्य अलौकिक चरित्र सम्बन्धी लेख श्रृंखला कू आज २ वर्ष पूर्ण हो रहे हैं और तीसरे वर्षकौ शुभारम्भ हो रह्यौ है। **त्वदीय वस्तु गोविन्द! तुभ्यमेव समपर्ये** न्यायानुसार आपश्रीके स्वरूपमे ये प्रयास समर्पित है। आपश्रीके अलौकिक चरित्रकौ वर्णन कर पानौ जीवबुद्धिसु शक्य नहीं है तथापि **यद्यप्ययोग्य एवाहं तन्नामविवृतौ स्वतः। स्वीयत्वेनैव कृपया योग्यतां मयि दास्यति।। इति विश्वासतो नूनं प्रवृत्तोऽहं न चान्यथा। अतस्त एव शरणं मम सर्वार्थसिद्धये।।** आपश्रीकी इन्ही वचननकौ वारंवार अनुसन्धान करते भये ये अल्प प्रयास करनेकौ साहस कर पाये हैं। साहस करनौभी आपश्रीके ही कृपाबलसू सम्भव हो सके, अतः आपश्रीकी श्रीचरणननके रजकणनकूँ सर्वदा सर्वथा दीनभावपूर्वक दण्डवत् प्रणाम करते भये ये अल्प प्रयास पूर्ण होवै ऐसी उन श्रीचरणके रजकणनमें पुनः दण्डवत् प्रणाम सहित...

या अङ्कके सङ्कलन करनेमें प्रयासरत चि.गोपालकू भूरिशः आशीर्वाद

चतुर्थपीठाधीश्वर गोस्वामी श्रीदेवकीनन्दनाचार्यात्मज गोस्वामी विट्ठलराय

તાત તણો પ્રતિબિંબ રે રસના

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ-જન કૌ વરન કારન, લિયૌ ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સદા અપાર;
એસૈ સુખ સાગર શ્રીરાયજું, રાખે સદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરૈ શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

અસારવામાં ભાઈલા કોઠારીને ત્યાં શ્રીગુસાંઈજી બિરાજતા હતા, તે સમયે કોઠારીજીની પુત્રી ગોમતીના વર ગોપાલદાસ આવ્યા, તે જન્મથી જ મૂંગા હતા, તેમને જોઈ શ્રીગુસાંઈજીએ પૂછ્યું, 'આ કોણ છે ?'

ભાઈલા કોઠારીજીએ દીનતાથી જવાબ આપ્યો. 'મહારાજ! આ ગોમતીનો વર છે'. શ્રીગુસાંઈજીએ હાસ્ય કરતાં કરતાં આજ્ઞા કરી. 'ગોમતીનો વર તો સાગર જોઈએ'. કોઠારીજીએ ફરીથી નમ્રતા પૂર્વક વિનંતિ કરી, 'રાજની કૃપાથી સાગર થશે'.

આવાં દીનતાનાં વચનો સાંભળીને આપશ્રી પ્રસન્ન થયા અને ગોપાલદાસના મસ્તકે શ્રીહસ્ત ધરીને શ્રીમુખમાંથી ચર્વિત તાંબૂલ તેમના મુખમાં પધરાવ્યું, મૂંગા ગોપાલદાસે તરત જ ગાવાનું શરૂં કર્યું: 'વંદુ શ્રીવિઠ્ઠલવર સુંદર, નવ ઘનશ્યામ તમાલ.....', આ પ્રમાણે નવ આખ્યાન એટલે કે વલ્લભાખ્યાન કહ્યાં. તેમાં નવમું આખ્યાન જે રાગ બિભાસમાં ગાયું છે. ત્યાં ગોપાલદાસ આ આખ્યાનમાં કહે છે કે નિત્ય પ્રતિ ક્ષણું ક્ષણું સમરિયે, **શ્રીવલ્લભનો (શ્રીમહાપ્રભુજી)** પરિવાર રે રસના...

આ પ્રમાણે આ નવમાં આખ્યાનમાં શ્રીમહાપ્રભુજી અને આપશ્રીના બન્ને ભગવદાત્મજ જ્યેષ્ઠ શ્રીગોપીનાથ પ્રભુચરણ, અનુજ શ્રીવિઠ્ઠલનાથ (શ્રીગુસાંઈજી) પ્રભુચરણ અને શ્રીગુસાંઈજીના સાત બાલકો (શ્રીસપ્તાચાર્યજી), જેમાં પ્રથમથી લઈને સપ્તમ સુધી ક્રમશઃ શ્રીગિરિધરજી, શ્રીગોવિન્દજી, શ્રીબાલકૃષ્ણજી, **સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલનાથ પ્રભુચરણ**, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી પ્રમાણે છે.

આમ સર્વ પરિવારનો સાર અને સ્વરૂપનું વૈશિષ્ટ્ય બતાવ્યું છે. એવાજ આપણાં શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણ માટે ગોપાલદાસજી ઉલ્લેખ કરે છે કે '**શ્રીગોકુલપતિ અતિ ગુણનિધિ**, **તાત તણો પ્રતિબિંબ રે રસના**;...એજ આપણા આ શ્રીગોકુલેશ પાઠશાળા અંતરગત તાત તણો પ્રતિબિંબ રે રસના અંકનું તાત્પર્ય અને શીર્ષક છે. શ્રીગોકુલેશ પ્રભુચરણ શ્રીમહાપ્રભુજીનું પ્રતિબિંબ સ્વરૂપ છે.

અને આપણે એવા શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુના ઘરના અનન્ય સેવક-વૈષ્ણવો છીએ, અને ઘરની જે રીત-પ્રણાલી છે, તે આપણે જાણવી, માનવી આપણું કર્તવ્ય બને છે. તેથીજ આપણા ઘરમાં અન્ય ઘરથી અલગ થતું દ્વિરેખ-દંડાકાર તિલકને પોતાના લલાટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર નિયમ પ્રમાણે અને નિષ્ઠાથી ધારણ કરીએ છીએ. આજે **શ્રીમહાપ્રભુજીનો પ્રાગટ્યોત્સવ** છે અને આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવકજનમાં શ્રીમહાપ્રભુજીની વાણીને યથાર્થ સ્વરૂપે જાણીએ અને પાળીએ, એવી અભ્યર્થના.

ચિદ્રૂપે બાદશાહ જહાંગીરને પોતાની માયામાં ભોળવીને માલા-તિલક પર પ્રતિબંધ લદાવ્યોં, પરંતુ આ માર્ગના અનન્ય સેવક-વૈષ્ણવોએ માલા-તિલકને સર્વથા આ ફરમાનની અવગણના કરી માલા-તિલકને પોતાના શરીર પર સદૈવ અનન્યતા અને નિડરતાં સાથે ધારણ કરી, અને સાથેજ સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણે પણ અન્ય સેવક-વૈષ્ણવોને નિર્ભય કરી પોતાની શરણમાં સુરક્ષિત કર્યા અને પોતાના ભાલમાંથી તિલક અને પોતાના કંઠમાં માલાને સર્વથા ત્યાગ ન કરવાં દીધા.

ચિદ્રૂપે ઘણાં પ્રયાસો કર્યા, પણ તેણું ધાર્યું ન થયું. તે શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ કહેતો:

માલા તમો તુલસીયની પહેરો છો તે કેમ.

એહ ઉતારીય ને રુદ્રાક્ષ પહેરો માલ,

તુલસીની પહેરો રખે, આગ્યા નથી મહીપાલ.

પોતાને ધર્મ રહો, કરશે ભલું જગદીશ.

આ પ્રમાણે ચિદ્રૂપે શ્રીગોકુલેશ પ્રભુ અને સર્વને માલા ઉતારવાનું કહ્યું, પણ કોઈથી એનો ઉત્તર આપી શકાયો નહીં, એને જોઈને જ સર્વને ત્રાસ થયો તો પછી ઉત્તર તે શી રીતે આપે ?

ત્યાર પછી એક દિવસ સૂર્યકુંડ ઉપર પોતાને માટે ચિદ્રૂપે એક ગુફા તૈયાર કરાવી એમાં એ રહેવા લાગ્યો અને સર્વ સંત મહંત એને મળવા જવા લાગ્યા. કોઈ કોઈ વખત શ્રીગોકુલેશ પ્રભુ પણ વૈષ્ણવોને સાથે લઈ એને ત્યાં જતા. અન્ય સર્વ જે કોઈ આવતાં તે સંન્યાસીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં, પણ શ્રીગોકુલેશ પ્રભુ તો ફક્ત '**નમો નારાયણાય**' કહી પોતાનું આસન લેતા, એની સંન્યાસીના મનમાં દ્વેષ રાખ્યાં કરે, પણ પ્રતાપબળથી કાંઈ બોલી શકાતું નહીં. છેવટે એક દિવસ શ્રીગોકુલેશ પ્રભુ પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રીગિરિધરજી સાથે ત્યાં પધાર્યા, અને '**નમો નારાયણાય**' કહી ત્યાં ચિદ્રૂપની પાસે બિરાજ્યાં એટલે વઢવાના બહાનાથી એણે કહ્યું કે:

ભલા બ્રાહ્મણ છો તમે અને ગૃહસ્થ મોટા ઘણુંય,

પંચાયતન પૂજતા નથી એ કારણ શું તે તણુંય. ૩૩૯

પંચાયતન પૂજન અને રૂદ્રાક્ષની જે માલ,

ગૃહસ્થને તો કહી છે એ રાખવી સહુ કાલ. ૩૪૦

તુલસી તો સંસ્કાર અડતાલીસમાં કયાંઇ નહીંય,

જે તમો પહેરો છો પોતે એ લખી છે કહીંય. ૩૪૧

(*શાસ્ત્રની એક મર્યાદા એ છે કે ગૃહસ્થ વૈષ્ણવે કોઈપણ સંન્યાસીને ક્યારે પણ ભગવદ્ સ્મરણ ન થાય, કેવલ નમો નારાયણાય કહેવા. દંડવત્ પણ ન થાય.*)

<u>તુલસી કાષ્ઠ માલાની ઉત્કૃષ્ટતા અને ચિદ્રૂપ સાથે શાસ્ત્રાર્થ</u> :

આવો અહંકારી પ્રશ્ન સાંભળી શ્રીગોકુલેશજી પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રીગિરિધરજીની પાસે આજ્ઞા લઈ તુલસીમાલા ધારણ કરવા માટેનાં નીચે પ્રમાણે શાસ્ત્રોનાં પ્રમાણ આપ્યાં. આગળ ગરુડપુરાણમાં કહ્યું છે કે:

तुलसीं प्राप्य यो नित्यं न करोति ममार्चनम् ।

तस्याहमनुगृह्णामि न पूजां शतवार्षिकीम् ।।

અર્થ :- (ભગવાન કહે છે કે) જે માણસને નિત્ય તુલસી પ્રાપ્ત થઈ શકતી હોય અને એ તુલસી વડે જો એ મારું પૂજન ન કરે તો હું એની બીજી રીતે કરેલી સો વર્ષની પૂજા પણ ગ્રહણ ન કરું. વળી સ્કંધ પુરાણમાં કહ્યું છે કે:

न वैष्णवसमं पात्रं न दानं सुरभीसमम् ।

न कालिन्दीसमं तीर्थं न पात्रं तुलसीसमम् ।।

અર્થ :- વૈષ્ણવના જેવું બીજું કોઈ ઉત્તમ પાત્ર નથી અને ગોદાન જેવું બીજું કોઈ દાન નથી, કાલિંદી સમાન બીજું કોઈ તીર્થ નથી, તથા તુલસી સમાન અન્ય કોઈ પત્ર નથી. વળી પદ્મપુરાણમાં કહ્યું છે કે:

मणिकाञ्चनपुष्पाणि तथा मुक्ताफलानि च ।

तुलसीपत्रदानस्य कलां नार्हन्ति षोडशीम् ।।

અર્થ :- મણિ, સોનું, પુષ્પ અને મોતી વગેરે જે ભગવાનને અર્પણ કરવામાં આવે છે તેનું ફળ જે તુલસી પત્ર એમને અર્પણ કરવામાં આવે છે તેના ફળના સોળમાં ભાગ જેટલું પણ નથી. વળી પ્રહ્લાદ સંહિતામાં વાક્ય છે કેઃ

भक्त्यैव स्वगले मालां तुलसीकाष्ठसंभवाम् ।

वहते यो नरः भक्त्या तस्य नैवास्ति पातकम् ।।

અર્થ :- જે પુરુષ ભગવાનની પ્રસાદી તુલસી કાષ્ઠની માલા ભક્તિપૂર્વક કંઠમાં પહેરે છે તેના શરીરમાં પાપ રહેતું નથી. સાથે જ સ્કંધ પુરાણમાં કહ્યું છે કે :

तुलसीकाष्ठमालां तु प्रेतराजस्य दूतकाः ।

दृष्ट्वा नश्यन्ति दूरेण वातोद्भूतं यथा रजः ।।

અર્થ :- તુલસી કાષ્ઠની માલા જોઇને યમરાજાના દૂતો દૂરથી જ, જેમ વાયુથી રજ ઊડી જાય છે તેમ, નાસી જાય છે. તથા એજ પુરાણમાં બીજું વાક્ય છે કે :

तुलसीदलं मालां ममोत्तीर्णां वहेत् तु यः ।

पत्रे पत्रेऽश्वमेधानां दशानां लभते फलम् ।।

અર્થ :- તુલસીપત્રની મારી ઉતારેલી પ્રસાદી માલા જે કોઇ પહેરે છે તેને પાંદડે પાંદડે નિત્ય દશ અશ્વમેધ યજ્ઞનું ફલ મળે છે. વળી પદ્મપુરાણમાં કહ્યું છે કે :

ये कण्ठलग्नतुलसीनलिनाक्षमाला ये बाहुमूलपरिशोभितशङ्खचक्राः ।

ये वा ललाटफलके लसदूर्ध्वपुण्ड्रास्ते वैष्णवा भुवनमाशु पवित्रयन्ति ।।

त्रयो वेदास्त्रयो देवास्तिस्त्रः संध्यास्त्रयोऽग्नयः ।

तुलसीकाष्ठधृग्विप्रं सदा कुर्वन्ति मङ्गलम् ।।

અર્થ :- જેના કંઠમાં તુલસીની માલા તથા કમળકાકડીની માલા છે, જેના બાહુનાં મૂળ, શંખ તથા ચક્રથી શોભિત છે, અને જેના લલાટને વિશે ઊભું તિલક છે તે વૈષ્ણવો પૃથ્વીને પવિત્ર કરે છે. ત્રણ વેદ, ત્રણ દેવ, ત્રણ કાળની સંધ્યા તથા ત્રણ પ્રકારનો અગ્નિ એ સર્વે જે બ્રાહ્મણે તુલસીકાષ્ઠની માલા ધારણ કરેલી હોય છે તેનું સદા મંગલ કરે છે. વળી સ્કંદપુરાણમાં માર્ગશીર્ષમાહાત્મ્યમાં કહ્યું છે કે :

तुलसीकाष्ठमालाभिर्भूषितः पुण्यमाचरेत् ।

पितृणां देवतानां च पुण्यं कोटिगुणं कलौ ।।

અર્થ :- કલિયુગમાં તુલસીની માળા પહેરીને જો પિતૃકાર્ય તથા દેવકાર્ય કરે તો એને કરોડગણું ફળ મલે છે

धारयन्ति न ये मालां हैतुकाः पापबुद्धयः ।

नरकान्न निवर्तन्ते दग्धाः कोपाग्निना हरेः ।।

અર્થ :- જે પુરુષો પાપબુદ્ધિથી તુલસીની માળા પહેરતા નથી તેઓનો નરકમાંથી છૂટકો થતો નથી અને શ્રીહરિના કોપરૂપી અગ્નિમાં એઓ બળ્યા કરે છે. બ્રહ્મવૈવર્તપુરાણના પ્રકૃતિખંડના ૧૯માં અધ્યાયમાં કહ્યું છે કેઃ

तुलसीकाष्ठनिर्माणमालां गृह्णाति यो नरः ।

पदे पदेऽश्वमेधस्य लभते निश्चितं फलम् ।।

અર્થ :- તુલસીકાષ્ઠની બનાવેલી માલા જે પુરુષ પહેરે છે તેને ચાલતાં એક એક ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ નિશ્ચય મળે છે. વળી ગરુડપુરાણમાં કહ્યું છે કે :

कृष्णायुधाङ्कितं विप्रं तुलसीकाष्ठभूषितम् ।

दृष्ट्वा निन्दापरो यस्तु स बौद्धो न तु वैष्णवः ।।

तुलसीकाष्ठमालोक्य कण्ठे वा मस्तके करे ।

निन्दां कुर्वन्ति ये मूढा म्लेच्छजास्ते न संशयः ।।

જે બ્રાહ્મણ શ્રીગોકુલેશ (શ્રીકૃષ્ણ)નાં આયુધ (શંખ, ચક્ર, ગદા, પદ્મ) ધારણ કર્યા હોય તથા જે તુલસીકાષ્ઠની શોભિત હોય તેને જોઇને એની જે નિંદા કરે છે તેને બૌદ્ધ જાણવો, પણ વૈષ્ણવ ન જાણવો. કંઠ, મસ્તક, અથવા હાથને વિશે તુલસીકાષ્ઠની માલા જોઇને એ ધારણ કરનારની જે મૂઢ લોકો નિંદા કરે છે તેમને મ્લેચ્છોથી ઉત્પન્ન થયેલા જાણવા, એમાં કાંઇ સંશય નથી.

આવી રીતે તુલસીમાલા ધારણ કરવા માટેનાં અને ઊભું તિલક તથા શંખ ચક્રાદિ છાપાં કરવા ઉપર પુરાણોનાં અનેક પ્રમાણો આપ્યા પછી શ્રીગોકુલેશજીએ એ ઉપર કેટલીક વેદની શ્રુતિઓ કહીં સંભળાવી. (*શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વેદની શ્રુતિઓ જે પુસ્તક કે ચોપાનિયામાં છાપવાની મના છે, તેથી અહીં આલેખી નથી*).

આવા અનેક પ્રમાણ વચનો શાસ્ત્રોમાંથી શ્રીગોકુલેશજીએ ચિદ્રૂપને કહ્યાં. સાથે જ વેદના વચનો પણ કહીં સંભળાવ્યા. ચિદ્રૂપ હવે મુકપ્રેક્ષકની જેમ કેવળ સાંભળતોજ રહ્યો. તેને ખબર પડી ગઇ કે મારી આમની સામે દાલ નહીં ગળે. તેથી તેને એકજ રાગ આલાપવાનું શરૂ કર્યુ કે તમે બાદશાહે જે ફરમાન કર્યુ છે, કે માલા-તિલકને ત્યાગ કરવો, તેનું પાલન કરો. પણ શ્રીગોકુલેશજી આવા પાખંડીની સામે ઝૂકે. જેમના સેવકો ના ઝૂક્યા તે સ્વામી ઝુકી જાય ? એવું તો ન બને.

શાહ કહી સો તો ન કરી, કરી સો વેદ પુરાનન ભાખી;

માલા-તિલક જનેઉ કે કારન, એંડન પેંડન નાખીં,

શ્રીપત કહે જહાંગીરકે ખાન, જેતે ઉમરાવ તે તે સબ સાખી,

શ્રીવિઠ્ઠલનાથજુકે શ્રીગોકુલનાથજુ, સબ હિન્દુનકી પત રાખી.

તેથી સર્વે શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવકજનો આપણે પણ આજના પવિત્ર દિવસે આ તિલક-માલાની લાજ રાખી પોતાના શરીર પર કેવળ ચિહ્ન સ્વરૂપે નહીં, પરંતુ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા સ્વરૂપે આપણે ધારણ કરીએ. તિલક કુંકુમનું જળથી ભીંજવીને નાસિકામૂળથી આરંભી લલાટમાં કેશ હોય ત્યાં સુધી **બે દંડરૂપે છૂટું તિલક કરે તે દંડાકાર (દ્વિરેખ દંડાકાર) કહેવાય, તે આપણે (શ્રીગોકુલનાથજીના) સેવ-વૈષ્ણવો કરીએ છીએ, અને શ્રીહરિચરણાકાર તિલક બીજા વૈષ્ણવો કરે છે. સર્વે શ્રીગોકુલેશ પ્રભુચરણના અનન્યજનોને શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યોત્સવની વધાઇ.**

સાભાર : માલોદ્ધાર પ્રસંગ,

ભાવત્ક:- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

|| શ્રીગોકુલેશો જયતિ ||

ટિપ્પણી

વિક્રમ સંવત્ ૨૦૬૬ ચૈત્ર વદ પક્ષ ૧૧ થી વિક્રમ સંવત્ ૨૦૬૬ વૈશાખ (અધિક) સુદ પક્ષ ૧૦ (ગુર્જર માસ)

એપ્રિલ ૧૦, ૨૦૧૦ થી એપ્રિલ ૨૫,૨૦૧૦

મિતિ	વાર	તારીખ	શ્રીવાલ્લભ શ્રીચતુર્થગૃહના ઉત્સવ
૧૧ - ચૈત્ર વદ	શનિ	એપ્રિલ-૧૦	શ્રીવરુથિની એકાદશી વ્રત। દૈવોદ્ધારપ્રયત્નાત્મા પુષ્ટિભક્તિમાર્ગાબ્જમાર્તંડ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણનો પ્રાગટ્યોત્સવ (સં.૧૫૩૫) શ્રીવલ્લભાબ્દ ૫૩૩નો પ્રારંભ।
૧૨	રવિ	૧૧	
૧૩	સોમ	૧૨	
૧૪	મંગળ	૧૩	
૩૦	બુધ	૧૪	આજથી મેષ સંક્રાન્તિો પ્રારંભ, રાજભોગમાં સતુઆ ધરાવવો।
૧ - વૈશાખ (અધિક) સુદ	ગુરુ	૧૫	શ્રીપુરુષોત્તમ (અધિક) માસનો પ્રારંભ। સર્વદા સેવ્ય ચતુર્થકુમાર શ્રીગોકુલનાથ પ્રભુચરણના સમયથીજ શ્રીચતુર્થપીઠમાં અધિકમાસમાં ઉત્સવનો પ્રકાર નથી થતો, તેથી આ ઘરના સેવક-વૈષ્ણવોએ એવુંજ કરવું.
૨	શુક્ર	૧૬	
૩	શનિ	૧૭	
૪	રવિ	૧૮	
૫	સોમ	૧૯	
૬	મંગળ	૨૦	
૭	બુધ	૨૧	
૮	ગુરુ	૨૨	**ગુરુ પુષ્યામૃત સુયોગ.**
૯-૧૦	શુક્ર	૨૩	

અનન્ય ભક્તિથી પ્રેમથી જ તેમાં (ભગવાનમાં) મન સ્થિર થાય છે.

(શ્રીસુબોધિનીજી ૩.૨૪.૪૩)

શ્રીવાલ્લભ સિદ્ધાંતનિષ્ઠ શ્રીચતુર્થપીઠ તરફથી પ્રકાશિત ટિપ્પણીને આધારે આ પખવાડીક ટિપ્પણી.

નોંધ :- *શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ માટે વર્ષભર આવનાર ઉત્સવ માટે કેવળ આજ ટિપ્પણી માન્ય રાખવી, એ આપણું કર્તવ્ય છે. અને આ ટિપ્પણી પ્રમાણે ઉત્સવ મનાવવાં. ટિપ્પણી તે પીઠનો આદેશ સમાન મુખપત્ર છે.*

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શન

ગઢામાં નિવાસ

...ગતાંકથી આગળ

(નોંધ : આ અંકથી આપણે હવે આ લેખમાળાને શ્રીગોકુલેશ સ્વરૂપ દર્શનના શિર્ષક હેઠળ જાણીશું)

ખરીક ને બાંધેગઢ :-

પછી ત્યાંથી વિજય કરી શ્રીગોકુલેશ પ્રભુચરણ આગળ પધાર્યા. માર્ગમાં વાદળાંનો અંધકાર છવાઇ ગયો, ગર્જના થવા લાગી અને પવન જોરથી ફુંકાવા લાગ્યો. વળી આ સમયે પક્ષીઓ મધુર સ્વરે ગાવા લાગ્યાં. મેઘધનુષ્ય શોભી રહ્યું હતું અને નવપલ્લવ ધરણી જોઇ શ્રીગોકુલેશ પ્રભુનું મન પણ લોભાય એવી શોભા સહિત શ્રીગોકુલેશજી સર્વ સમાજ સાથે ધીમે ધીમે આનંદમાં આગળ ચાલ્યાં અને ખરીકમાં આવી મુકામ કર્યો. ત્યાં અઢી માસ બિરાજી, અનેક દૈવી જીવોને શરણે લઇ શ્રીગુસાંઇજીએ પરિવાર સહિત બાંધેગઢ પધાર્યા અને ત્યાંના દૈવી જીવોના સંતાપ હર્યા.

સંતાપ અલૌકિક ધર્મ, જેનો તે નવ જાણે મર્મ.
લૌકિક માંહે પરવરિયાં, લૌકિક બુદ્ધે આવરિયાં.
તે અલૌકિકનું શું જાણે, પરિતાપ ક્યાંથી પ્રમાણે.
તે આરત મન માંહાં આણી, ઉપકાર કરે મન જાણી.
એવા મહાપરમ દયાલ, સ્વત:થી કરે સંભાલ.

બાંધેગઢનો રાજા રામચન્દ્ર સામે આવ્યો, એ વાઘેલા રાજવીને શ્રીગોકુલેશ પ્રભુ પર ઘણી પ્રીતિ હતી. એણે આવી દંડવત્ પ્રણામ કર્યા પછી:

પાલો થૈ આગળ ચાલે, દેહ સુરતી નહિ સંભાલે. ૨૧૮
મનમાં અતિ આનંદ આણે, કરી જન્મ કૃતાર્થ જાણે. ૨૧૯

રાજાનો ગુપ્ત ભાવ :

બાંધેગઢમાં કેટલાક દિવસ બિરાજ્યાં. ત્યાં શ્રીગિરિધરજીનાં વહુજીને બાલક પ્રાપ્ત થયો. એ નિમિત્તે આનન્દમાં રાજાએ દદામાની દસ જોડ મોકલી, દસ દિવસ પછી વાજિંત્ર વગડાવ્યાં, શ્રીગોકુલેશ પ્રભુ પધાર્યાનો આટલો ઉત્સવ માન્યો, પણ અન્ય નિમિત્ત આગળ કરી મનનો મર્મ ગુપ્ત રાખ્યો. અત્રે અનેકને શ્રીગોકુલેશ પ્રભુએ શરણે લીધાં. પછી ત્યાંથી સં. ૧૬૧૯માં વિજય કર્યો. રાજા સર્વ સૈન્ય સાથે વળાવવા આવ્યો. એ શ્રીગોકુલેશ પ્રભુની સુખપાલની સાથે ચાલતો. એનું અનેક રીતે સમાધાન કરી પાછો વાળ્યો. એને એ વખતે શ્રીગુસાંઈજીએ પામરીની જોડ ઓઢાડી એ લઇ એણે માથે ચઢાવી પછી એને બીડાં વગેરે આપ્યાં અને શ્રીગુસાંઈજી ગઢે પધાર્યાં.

ગઢાનું રાજ્ય તથા રાણી દુર્ગાવતી :

બાંધેગઢથી વિદાય લઇ શ્રીગુંસાઈજી પરિવાર સહિત શ્રીગોકુલેશ પ્રભુચરણ સાથે નિ:સાધન, ફલરૂપા ભક્ત રાણી દુર્ગાવતીનું કેવળ સ્વત: કૃપાબળથી કાર્ય કરવાં સં.૧૬૧૯માં ગઢે પધાર્યા. શ્રીગોકુલેશ પ્રભુએ પોતાની કિશોરાવસ્થાનાં પ્રથમ ત્રણ વર્ષ અત્રે ગાળ્યાં.

ગઢાનું રાજ્ય હાલમાં મધ્યહિંદ એજન્સીમાં આવેલા બુંદેલખંડના રાજ્યમાં ઉત્તર ભાગમાં હોય એમ જણાય છે. એ શહેર (ગઢા) કિલ્લેબંધી હતું તેથી એ ગઢાના નામથી ઓળખાતું હતું અને ત્યાંનો રાજા પણ દુર્ગશાહ કહેવાતો હતો. આ દુર્ગશાહની પટરાણી એ જ રાણી દુર્ગાવતી. દુર્ગાવતીની નાની ઉંમરમાં એનો પતિ સ્વર્ગવાસી થયો હતો અને તેથી રાજ્યનો સર્વ બોજો રાણીશ્રીના માથા ઉપર આવી પડ્યો હતો, પણ રાણી દુર્ગાવતી જોકે દેહથી સ્ત્રી જાતિ હતા, છતાં પોતાની હોશિયારીથી દરેક જાતના વાહન હાથી, ઘોડા વગેરે પર ચડી જાણતાં હતાં અને હથિયારનો ઉપયોગ પણ સારી રીતે કરી શક્તા હતાં.

રાજ્યનો કારભાર પોતાની જાતે જ ચલાવતાં, એટલું જ નહિં, લડાઇના પ્રસંગે પોતાના લશ્કરના નાયક તરીકે આગળ પડતાં હતાં. ઐતિહાસિક દ્દષ્ટિએ દિલ્હીની ગાદી પર થયેલી પ્રખ્યાત સુલ્તાના રઝિયાની (સને ૧૨૩૬-૩૯) સાથે આ રાણીને વ્યાવહારિક જીવનમાં ઘણી રીતે સરખાવી શકાય એમ છે. આવા મહાન ગુણોને લીધે રાણીજીએ રાજ્યનો કારભાર એમના પતિ કરતાં પણ વધારે હોશિયારી તથા ચાલાકીથી ચલાવ્યો અને માંડવ સુધીનો દેશ કબજે કરી રાજ્યનો બહોળો વિસ્તાર કર્યો.

રાણીની મુખમુદ્રા એટલી તો ભવ્ય અને તેજસ્વી લાગતી કે ભલભલા ઉમરાવો પણ એમની સામું જોઇ શક્તા નહીં તો પછી એઓ એમની આજ્ઞાનું ઉલ્લંઘન તો કરી પણ કેવી રીતે શકે ? આથી જ રાજ્યનું સર્વ તંત્ર નિયમિત રીતે ચાલતું હતું તથા રાજ્યની સર્વ પ્રજા નિર્ભય રીતે આનંદમાં રહેતી હતી. પરિણામે રાણીશ્રીના સમયમાં ગઢાના રાજ્યનો વિસ્તાર એમ સમૃદ્ધિ એની ચડતીની ટોચે પહોંચ્યાં હતાં.

વૈભવ :

આ સમૃદ્ધિ તથા વૈભવ વિશે એવું કહેવાય છે કે આ રાણીને ત્યાં જુદી જુદી જાતના આશરે ૧૪૦૦ હાથી રહેતા હતા અને એ જ પ્રમાણે બીજું પણ અઢળક દ્રવ્ય હતું. ગોપાલદાસભાઇ વ્યારાવાળા કવિની ભાષામાં કહે છે કે :

હાથી તો ઈતિને જિતને ગીની શકે ન કોય. ૧૩૭

હાથીકી બાહુલ્યતા, ઘર ઘર હાથી સોય, ઈતનો તો ઘર કાહુકે, મુસાઉ નહીં હોય. ૧૪૦

બ્રાહ્મણકે હાથી, અરૂ હાથી ભાટ કુંભાર, જાચિકકે હાથી, અરૂ હાથી ધોબી લુહાર. ૧૪૧

પાંચ મોહોરકું પૈયે, સુંદર હાથી અમોલ; પૈંરાણીકે ચઢવેકો હાથી અતિ બહુ મોલ. ૧૪૨

પલટા ગુડદાર નામ, ઓર શાર્દૂલ, મંડલીઆ સિંધ સારવા, ઐસે પરમ અમોલ. ૧૪૩

મહારખી :-

એક સમય રાણીનો ઉમરાવ મહારખી શ્રીગુસાંઈજીને ત્યાં આવ્યો એ વખતે એઓશ્રી પોતાના અધિકારી ચાંપાભાઈને ભંડારમાં ભેજવાળી જગાએ ૭૦૦ મણ ચણા ભરવા માટે ઠપકો આપતા હતા, કારણકે એ સર્વ ઉબાઈ ગયા હતા (હવાથી બેસી ગયા હતા). છેવટે શ્રીગુસાંઈજીએ એ સર્વ નાખી દેવા આજ્ઞઅ કરી તેથી પાસે બેઠેલા મહારખીએ કહ્યું કે રાજ, ચણા શા માટે નાખી દેવડાવો છો ? મને આપો હું બદલામાં આપને બીજા નવા સારા આપીશ ત્યારે ભંડારી ચાંપાભાઈએ એ ઉમરાવને કહ્યું: તમે આટલા બધા ચણાને શું કરશો ? એના ઉત્તરમાં એણે કહ્યું કે મારે ત્યાં હાથી ઘણા છે અને દરેક હાથીને દરરોજ બે મણ ચણા ખોરાક તરીકે જોઈએ છે. જો દરેક હાથીને શેરેક ચણા દરરોજ વધારે આપીશ તો થોડા રોજમાં એ સર્વ ખપી જશે.

ગઢામાં આગમન :

ગામની પાસે આવતાં શ્રીગુસાંઈજીએ રાણીને વધાઈ મોકલી. વધાઈ મળતાં સ્વપ્રભુના દર્શનની આર્તિ એકદમ વધી પડી અને તેથી વિહ્વળ થઈ રાણી આવેલા વધૈયાને 'પ્રભુ ક્યાં છે ? કેટલે દૂર છે ?' વગેરે અધીરાઈના પ્રશ્ન પૂછવા મંડી ગયા. છેવટે આવેલા વધૈયાનું વસ્ત્રાભૂષણ વગેરેથી સંમાન કરી એમણે શ્રીગોકુલેશ પ્રભુના સામે જઈ પધરાવી લાવવા માટે તૈયારી કરી. હાથી, ઘોડા, રથ, પાલખી, મેના વગેરે અનેક પ્રકારના વાહનો, દરબારના મોટા મોટા ઉમરાવો તથા શહેરના ભાવિક સદ્‌ગૃહસ્થોના મોટા સાજન સાથે રાણીશ્રી વાજતેગાજતે શ્રીગોકુલેશ પ્રભુના દર્શન માટે સામાં આવ્યાં. પછી ગામ બહાર એક સુંદર જમનિયા નામના તળાવ પર શ્રીગુસાંઈજીએ મુકામ કર્યો. આ તળાવની શોભા વિશે બોલતાં ગોપાલદાસભાઈ વ્યારાવાળા પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૯માં કહે છે કે :

પૂરણ પૂરિત સુંદર ઉજ્જવલ નીર; અમલ અનુપમ લહેરી અતિ ગંભીર. ૧૯૪
નીલોત્પલને તામ્ર કમલ કમલની જાત, રંગ રંગ અતિ રમણીય સુવાસિત નાના ભાંતી. ૧૯૫
મકરંદે લોભ્યાં અલિકુલ ગુંજે દિન રેણ; પક્ષી અનેક જાતિનાં બોલે મધુરાં વેણ. ૧૯૬
તીરે તરુવર સુંદર છાપા શીતલ જ્યાંહ; શીતલ મંદ સુગંધ પવન ગમન કરે ત્યાંહ. ૧૯૭
હસ્તી ઘોડા ને કોઉ નિકટ ન જાએ અન્ય; ત્યાંહાં રાણી રક્ષા કરવાવે જાણી મન. ૧૯૮
એ સરની સમ સરવર નહીં કો ભૂતલ માંહે; સુખી સુભવન રચી રહ્યાં વ્હાલોજી ત્યાંહે. ૧૯૯

ત્યાં રાણીએ સેવાના સૌકર્ય માટે મંદિર કરાવી આપ્યાં. રાણી નિયમિત રીતે અત્રે દર્શનાર્થે આવતાં. શ્રીગોકુલેશજી પણ બાલખેલમાં પ્રસંગોપાત્ત રાણીને મહેલ પધારતાં. ત્યાં રાણી એમને અનેક પ્રકારના લાડ લડાવી સ્વમનોરથ સિદ્ધ કરતાં.

..ક્રમશઃ

સંયોજનઃ- શ્રીગોકુલેશજીનું જીવનચરિત્રમાંથી સાભાર

શ્રીગોકુલેશ વાક્સુધા

।। श्रीसर्वोत्तमस्तोत्रम् ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં અંકમાં આપણે શ્રીગુસાંઈજી પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું સત્તરમું નામ **विभुः**[१७] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. શ્રીમદ્ ભાગવતમાં જો આપણે અનુસંધાન કરવું હોય તો આપણે અંગીકૃતૌ સમર્યાદોને દશમ્ સ્કંધમાં અલગ અલગ જગ્યાએ આ નામની પ્રતિતી થાય. **विद्योतमानपरिधिः (१०.२०.३), भुवः पङ्कं अपां मलम् (१०.२०.३२).**

શ્રીગુસાંઈજી પ્રગટિત આ અલૌકિક નામોને સમજવું હોય તો શ્રીમદ્ ભાગવતના પ્રસંગોનું અનુસંધાન રાખવું જરૂરી છે. ગયા વખતે આપણે જે શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજવાનો પ્રયાસ કર્યો, આપશ્રી જે જીવોને અંગીકાર કર્યા છે તે ભક્તિમાર્ગની મર્યાદાની સાથે અંગીકાર કર્યા છે, કારણકે શ્રીમહાપ્રભુજી કૃપાના નિધિ છે-ખજાના છે, જેમને વિભુતિઓ વંદન, સ્તુતિ કે છે. એવા શ્રીમહાપ્રભુજી છે, તેથી શ્રીગુસાંઈજીએ શ્રીમહાપ્રભુજીનું સત્તરમું નામ **विभुः**[१७] પ્રગટ કર્યું.

હવે કહે છે કે પુષ્ટિમાર્ગનું ફલ બીજું કોઇ નથી આપી શક્તુ. તેને આપવામાં તો માત્ર શ્રીમહાપ્રભુજી સમર્થ છે. બીજા જે આચાર્યો છે તેઓએ મર્યાદાભક્તિમાર્ગના સાધન અને ફલનો જ વિચાર કર્યો છે, તેથી તેવા ફલનું જ દાન કરે છે. તેમણે બીજા કોઇ પ્રકારે તો વિચાર કર્યો નથી તો આપવાનું સામર્થ્ય ક્યાંથી હોય? શ્રીમહાપ્રભુજી બધાથી અધિક સામર્થ્ય છે તે બતાવવા માટે **विभुः**[१७] નામ કહ્યું છે.

હવે કોઇક શંકા કરે છે કે આ પુષ્ટિમાર્ગનું ફલ તો વેદોને પણ દુર્લભ છે, તો તેનું દાન શ્રીમહાપ્રભુજી આપ કેવી રીતે કરે છે? ત્યાં આવી શંકાનું સમાધાન કરવા માટે શ્રીગુસાંઈજી હવે શ્રીમહાપ્રભુજીનું ૧૮મું નામ પ્રગટ કરે છે, અને આજ્ઞા કરે છે કે : **अदेय-दान-दक्षश्च**[१८] શ્રીમહાપ્રભુજી, આપશ્રીની વંદના તો વિભૂતિઓ કરે છે.

अदेय-दान-दक्षश्च[१८] **महोदार-चरित्रवान्**[१९] ।।
प्राकृतानुकृति-व्याज-मोहितासुर-मानुषः[२०] ।।११ ।।

ભાવાર્થ :- [૧૮]ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ (એવાં શ્રીમહાપ્રભુજી), [૧૯]અત્યંત ઉદાર ચરિત્રવાળા, [૨૦]પ્રાકૃત મનુષ્યનું અનુકરણ કરવાના બહાનાથી આસુરી જીવોને મોહ પમાડનારા છો.

अदेय-दान-दक्षश्च[१८] **:- આપશ્રીની (શ્રીમહાપ્રભુજી) ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ છે.**

રાગ : નટ

અદેયદાનદક્ષ સવન સુનિકૈ હૌં સરન આયૌ ।

શિવ વિરંચિ સુર નર મુનિ કોઉ પાર ન પાયૌ ।। ૧ ।।
હૈ અપ્રાકૃત રૂપ આપુનૌ પ્રાકૃત રૂપ દિખાયૌ ।
દૈવી જીવ બિના અસુર સબકૌં મોહ ઉપજાયૌ ।। ૨ ।।
તિહારી મહિમા સ્રવન ભયી મેરો મન ભાયૌ ।
શ્રીવલ્લભ-પદ-રજધન 'ગોવિન્દ' પ્રેમ સહિત ગુન ગાયૌ ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી, ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ **અદેય-દાન-દક્ષશ્ચ**[૧૮] છે.

<u>**મૂળ ટીકાનો ભાવાર્થ**</u> :- શુદ્ધ પુષ્ટિમાર્ગના ફલનું દાન કરવાની (આચાર્યશ્રીમાં) શક્તિ હોય તો પણ, 'જેમના પદની રેણુ શ્રુતિએ પણ સોધવાની (પ્રાપ્ત કરવાની) જ રહે છે', એ વચન પ્રમાણે પુષ્ટિમાર્ગનું ફલ શ્રુતિ વગેરે અનેક ભક્તોને મળવું કઠીન હોવાથી દુર્લભ છે, તેથી (આચાર્યશ્રી) તે કેમ આપે ? એવી શંકા થાય, તેથી કહે છે કે:-

અને અદેયદાનદક્ષ, મહોદારચરિત્રવાન્, પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષ.

જો પોતે પણ પુષ્ટિમાર્ગથી ભિન્ન મર્યાદામાર્ગનાં શ્રવણ વિગેરેથી પ્રાપ્ત થતું મુક્તિરૂપ ફલ આપે, તો બીજાના જેવા થવાથી, ભગવાનની આજ્ઞાથી પોતાનું પ્રાગટ્ય કરી શુદ્ધ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ કરાવવાપણું નિરર્થક જ થાય. વળી જો મુક્તિથી અધિક ફલ ન આપે તો પોતાનું અને પોતે પ્રગટ કરેલ શુદ્ધ પુષ્ટિમાર્ગનું પ્રાગટ્ય ખાસ પ્રયોજન વિનાં થવાથી વ્યર્થ જ થાય તેથી **અદેય-દાન-દક્ષશ્ચ**[૧૮] એ (નામ) કહેલું છે.

'અદેય' એટલે ભગવાન વિના જે (કોઈથી) આપી ન શકાય તેવું 'દાન' કરવા પણ 'દક્ષ' ઘણા શક્તિવાળા, એવો અર્થ છે. 'એમ હોય તો બીજા માર્ગનાં સાધનથી પ્રાપ્ત થાય તેવાં મુક્તિ વિગેરે ફલ આપવાની શક્તિવાળા નહિ હોય', એવી શંકા દૂર કરવા 'ચ' - અને શબ્દ સરવાળાના અર્થમાં યોજેલો છે. જેમનામાં સર્વ (કોઈપણ) આપી ન શકે તેવું ફલ આપવાની શક્તિ છે, તેમને બીજા આપી શકે તેવું ફલ આપવામાં શું પ્રયાસ (કરવો પડે) ? એમ પણ જણાવેલું છે. ૧૮

<u>**સરળ સમજૂતિ**</u> :- શ્રીમહાપ્રભુજી આધિદૈવિક પ્રેમલક્ષણા ભક્તિ અને 'ચ' શબ્દથી અદેય એવું રસાત્મક ભગવત્સ્વરૂપનું પણ દાન સ્વસામર્થ્યે કરે છે.

શ્રીઆચાર્યજી સ્વયં ભગવાન હોવાથી જીવને પોતાને શરણે લેવા માત્રમાં ભજનાનંદરૂપ રાસલીલાની પ્રાપ્તિના અધિકારી બનાવે છે. આપશ્રી આ પ્રકારના દાનમાં અતિચતુર હોવાથી ભજનાનંદ પરમાનંદવાળા જીવોને વિશેષ દાન આપી ઉત્તમ અધિકારી બનાવે છે. મધ્યજીવોને સામાન્ય દાન આપી દ્વારકાલીલા આદિના ફલ આપે છે 'ચ' એ સમુચ્ચયાર્થ એટલે અન્ય મર્યાદામાર્ગીય સાધન સાધ્ય સર્વફળ, કેવળ આપણા શરણમાત્રે આપવાનું સામર્થ્ય પણ આપશ્રીમાં છે. જીવોને યથાધિકારે દાન આપી તેઓના અધિકાર પરત્વે ફળ પ્રદાન કરવામાં આપ દક્ષ-મહાનિપુણ છે.

શ્રીમહાપ્રભુજી, ભગવાન વિના અન્ય કોઇ જેનું દાન કરી શકે તેવી ભક્તિનું દાન કરવામાં સમર્થ અદેય-દાન-દક્ષશ્ચ[૧૮] **છે.**

ક્રમશ:

સંયોજન:- જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, શ્રીગોકુલેશ વાક્ સુધામાંથી સાભાર

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૨૨. જૂઠ સમાન પાપ નથી, રસોઇ હાથે કરવી, ગોગ્રાસ કાઢવી, સેવા પાખંડ વિના કરવી, તુલસી, વિગેરે...

અબ ઔરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ વૈષ્ણવસો આજ્ઞા કરત હૈ - બાવીસમો લક્ષણ કહેત હૈ, જો વૈષ્ણવ કો મિથ્યા ભાષણ સર્વથા નાંહી કરનો. ઓર જૂઠ બરાબરી પાપ નાહીં હે જો રાજા યુધિષ્ઠિરને ઇતનો કહ્યો નરો વા કુઞ્જરો વા સો અશ્વત્થામા માર્યો. સો ઇતને જૂઠ કે પાપતે નર્ક કો દર્શન કરનો પડ્યો સો મનમેં બોહોત દુઃખ પો. સો નરક દેખતેં મહાદુઃખ પાયે. તામે પરે તો તાકે દુઃખકો પાર નાહીં. તાતે મિથ્યા ભાષણ સર્વથા ન કરનો. મિથ્યા ભાષણતે કેવલ લૌકિક સંબંધ દૃઢ હોત હે. તાતે મિથ્યા ભાષણ પાપ હે.

શ્રીઠાકોરજીકી રસોઇ જાકે તાકે પાસ ન કરાવે અપને હાથસોં પવિત્રતાસોં કરની. ઓર રસોઇ કો કાર્ય દુઃખરૂપ ન જાને. જો મોકુ શ્રમ હોયગો, કેસે કરૂં, ધુંઆ નહીં સહ્યો જાત હે? યા પુષ્ટિમાર્ગમેં તો શ્રીઠાકોરજીકી રસોઇકી ટહલ પરમ ઉત્તમતે ઉત્તમ હે. જહાં તાંઇ અપનો શરીર ચલે તહાં તાંઇ ઓરકે હાથસો ન કરાવે. સેવા શૃંગારતા કરાવે, પરંતુ રસોઇ આપુહી કરે. રસોઇકી અપરસ ન્યારી રાખે તાકો ઉત્તમ ભગવદીય કહીએ.

ઓર શરીર ન ચલે, આવશ્યક આય પડે તબ ઓરપેં કરાવે, પરંતુ મનમેં મહાતાપ રાખે. ઓર રસોઇ કરીકે આપુહી ખાયકે ન બેઠી રહે. ક્યોં કે આપુ ખાય કે બેઠે તાકો મહાદોષ હે, તાતે પ્રથમ વૈષ્ણવકો પાતરી ધરે! વૈષ્ણવકો લીવાવે, પાછે આપ લેય. યહ પુષ્ટિમાર્ગમેં વૈષ્ણવ દાસ ભાવ કરીકે-મુખ્ય કરિ રાખે (રહે). ઓર દાસ તાકો કહીયે જો વૈષ્ણવકી જુઠિન ખાય ઓર યા માર્ગકી યહ મર્યાદા હે જો શ્રીઠાકોરજીકી તથા શ્રીગુરુદેવકી જુઠિન વિના ઓરકી ખાય તો ભ્રષ્ટ હોય જાય.

યહ ધર્મ સંશય કરીયતુ હે તાકો નિવારણ કરત હે. ઓર મુખ્ય વ્રજભક્ત કો સ્વરૂપ ગાય હે. સો ગાયકો પ્રથમ મહાપ્રસાદ નિકારે તબ સઘલો મહાપ્રસાદ વૈષ્ણવકી જુઠિન ભયો....તહાં ગાયકો ભાગ તો પ્રથમ અવશ્ય કાઢનો. ઓર જબ યહ રસોઇ કરે તબ યા મનુષ્યકી આશ પૃથ્વી, દેવતા, પિતૃ સબ આશા કરત હે. સો જબ ગાયકો ગ્રાસ કાઢે તબ સગરે તૃપ્ત હોત હે. તાતે ગાયકો ભાગ અવશ્ય કાઢનો યહ વૈષ્ણવ પ્રાણી માત્ર કો ધર્મ હે.

ઓર શ્રીઠાકોરજીકી સામગ્રીમેં અપુનો મન ચલાવનો નહીં. ઓર કદાચિત ચલાવે તો મહા પાપી હોય. ઓર શ્રીઠાકોરજી આરોગે નહીં. તાતે સિદ્ધ સામગ્રી કાહુકો દિખાવનો નાહીં. જો શ્રીઠાકોરજી કે લીયે ફલ ફૂલ કછુ સામગ્રી કરી હોય તામેં સ્ત્રી-પુત્રાદિક કો કાહુકો દિખાવે નાહીં તથા પ્રથન દેનોં નાહીં. ઓર જો લૌકિક પ્રીતિ કરીકે કાહુકો દેય તો જે લેય વહ બહિર્મુખ હોય જાય, ઓર યાકો સ્વધર્મ જાય. ઓર શ્રીઠાકોરજી અંગીકાર ન કરે.

ઓર ભગવદ્ સેવા હે સો ગોપ્ય હે સો કાહુસો જનાવે નહીં. જો સેવા પ્રકટ કરી અપની પ્રતિષ્ઠા બઢાવે તો તાકો પાખંડી કહીયે. (યહ આજ્ઞા ઊભય વૈષ્ણવકું લાગુ હોય હૈ) સો તાકી સેવામેં કછુ પુષ્ટિમાર્ગ કો ફલ નાહીં. ઓર પાખંડ કરીવે વારેકે હૃદયમેં લૌકિક-આવેશ આવે સો લૌકિક આવેશ તે બહિર્મુખ હોય. સેવામેં પ્રતિબંધ પડે. પાખંડકો મૂલ લોભ-ભય હે. સો લોભ-ભય છૂટે તબ પાખંડ ન હોય. ઓર લોભકે-લૌકિક કે લીયે જગતમેં પાખંડ કરત હે સો લોભી પાખંડી હોય.

તાકો અન્યાશ્રય હોય જાય. લોભ કે વશત જ્ઞાન વિવેક જાતે રહે સો એસે લોભી-પાખંડી કે હ્રદયમેં શ્રીઠાકોરજી કબહુ ન બિરાજે. તાતે ભગવદ્ધર્મ-સેવા થોડી બને તો બાધક નાહીં. સો થોડે હી શુદ્ધ ભગવદ્ધર્મતે યાકે સઘળે કાર્ય સિદ્ધ હોય જાય. ઓર બહોત કરે, પરંતુ પાખંડ-લોભ લૌકિક આસક્તિતે ભગવદ્ધર્મ ન બઢે. તાતે અલૌકિક સો સેવા કરે. જો શ્રીઠાકોરજીકો જાને તે કાર્ય હોયગો. જો લોગનકે-લૌકિક કે-જાનેતે કછુ સિદ્ધિ નાહીં હે.

વૈષ્ણવકો યહ ધર્મ હે જો ઉત્તમોત્તમ સામગ્રી દેખે સો શ્રીઠાકોરજીકો સમર્પે, ઓર અપને પાસ દ્રવ્ય ન હોય તો ઉ મનમેં તાપ કરીકે કહે જો યહ તો શ્રીપ્રભુજી લાયક હે. ઓર જહાં તાંઇ બને તહાં તાંઇ ઉત્તમ સામગ્રી તથા નૌતન વસ્ત્ર તથા ફલ ફૂલ થોડો હુ બને તો અવશ્ય લાવનો તામે મહંગી વસ્તુકો વિચાર નાહીં કરનો, ગૃહસ્થીકો વિચાર નાહીં કરનો. જો શ્રીઠાકોરજીકો ફલ ફૂલ તો અત્યંત પ્રિય હે સો શ્રીઠાકોરજી કે (શ્રી)ચરણારવિંદમેં જહાં તાંઇ બને તહાં તાંઇ મન લગાયકે અંગીકાર કરાવનો.

ઓર શ્રીઠાકોરજીકો અત્તર આદિ સુગંધ અત્યંત પ્રિય હે સો યથાશક્તિ સમર્પે ઓર નિત્ય ન બને તો ઉત્સવમેં સર્વથા સમર્પનો. દ્રવ્ય કે અભાવમેં શ્રુતિદેવને મૃત્તિકામેં પાની ડારી સુગંધકે ભાવતે શ્રીઠાકોરજીકો સમર્પી. સો એસે ભાવતે સઘળી વાત સિદ્ધિ હોઇ. પ્રીતિતે કહા સિદ્ધિ ન હોય?

ઓર શ્રીઠાકોરજીકો તુલસી અત્યંત પ્રિય હે. સો શ્રીઠાકોરજીકે ચરણારવિંદમેં નિત્યનિયમસો વિધિ પૂર્વક સમર્પની. તુલસી સમર્પતી બિરીયા ગદ્યકે શ્લોકકો પાઠ કરનો. (ગદ્ય શ્લોક ગોપ્ય હે, સો યહા પ્રકાશિત કરનો ઉચિત નાહીં હે, નિવેદિતકૌ યહ શ્લોક કંઠસ્ત હોયગો) તાપ સહિત સમર્પે કાહેતે શ્રીઠાકોરજીકે ચરણારવિંદકો સંબંધ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી દ્વારા (અપનકો) ભયો હે. તાતે આચાર્યજી મહાપ્રભુજી(કો) સર્વોપર જાને. ઓર તુલસી હે સો વૃન્દાકો સ્વરૂપ સત્ય પવિત્રતા હે. ઓર મધ્ય તુલસીકો બિજ હે તાતે દઢ સંબંધ ભયો જાનનો. તાતે ચરણારવિંદમેં તુલસી સમર્પે.

જબ જા દિન જા સમે તે બ્રહ્મસંબંધ ભયો હે તા સમય અપને ગુરુકે સન્મુખ જો શ્રીઠાકોરજીકો સ્વરૂપ હે સો તિનહી કો સ્વરૂપ અપને શ્રીઠાકોરજીકો જાની સમર્પે. કાહેતે-ચરણારવિંદતે દઢ સંબંધ ભયો હે સો ચરણસ્પર્શ તે સંબંધ પ્રીતિ બઢે. ઓર શ્રીઠાકોરજીકે ચરણારવિંદમેં ભક્તિ હે સો ભક્તિકી વૃદ્ધિ હોય. ઓર યા પ્રકાર વિચારે જે કહાં. ભક્તિરૂપ ચરણારવિંદ (અલૌકિક) ઓર મેરો હસ્ત લૌકિક! પરંતુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી અપુને ગુરુરૂપી (ઇનકી) કૃપાતે યહ પદાર્થ પ્રાપ્ત ભયો હે ઓર પ્રભુ મોકો ચરણસ્પર્શ કરાવે હે.

તહાં પૂતના મોક્ષકે પ્રસંગમેં આચાર્યજી મહાપ્રભુજી કહે હે જો પૂતના સોરહ હજાર બાલકનકે પ્રાણ લેકે-કુમારિકાકે પુરુષાર્થરૂપ લે કે-નંદભવનમેં આઇ સો શ્રીઠાકોરજી પૂતના કે ઓર ઉન સોલ હજાર બાલકનકે પ્રાણ શોષે. સો પૂતનાકો દુષ્ટ ભાવતે મોક્ષ કીયે ઓર બાલકનકોં તો ભક્તિભાવ સો શ્રીઠાકોરજી કે હ્રદયમેં રહે સો શ્રીઠાકોરજીને યહ વિચારી જો સોરહ હજાર ભક્ત હે સો તીનકું પૂતના રાક્ષસી કે સંગતે આસુરાવેશ ભયો હે સો આસુરાવેશ યદ્યપિ શ્રીઠાકોરજીકે હ્રદયમેં હે સોઉ મિટ્યો નાહીં. તાતે ભક્તિરૂપી ચરણારવિંદ સો સંબંધ હોય તબ આસુરાવેશ મિટે. સો યહ વિચારી વિચારી કે બ્રહ્માંડ ઘાટકી મૃત્તિકા ચરણામૃતરૂપ ખાય આપુ બાલચરિત્ર દિખાયો. સો ઉન ભક્તનકે અર્થ આપ મુખમેં માટી મેલત ભયે.

તબ યહ ઉપરકો ચરિત્ર તો વ્રજભક્તનકે બાલક તથા વેદરૂપી શ્રીબલદેવજી હે તિનને શ્રીયશોદાજીસો કહી, જો શ્રીઠાકોરજીને માટી ખાઇ હે. તબ યહ સ્નેહ સો ઇતની સુનિકે શ્રીયશોદાજી શ્રીઠાકોરજીકે પાસ આયે (કે પૂછી) જો તુમને માટી ખાઇ હે? તબ શ્રીઠાકોરજી કહે 'જો મૈયા મેંને માટી નાંહી ખાઇ હે!' યહ લીલા કરી અપની પુરુષોત્તમતા જતાઇ. તબ શ્રીબલદેવજી ઈશ્વરરૂપ હે સોઉ જાને નાહીં. સો જીતને પ્રકાર-પ્રતાપ-શ્રીપ્રભુજી જતાવે તિતનો જાને. તબ શ્રીયશોદાજીકો મુખ ખોલીકે બ્રહ્માંડ દિખાયોં.

સો મૃત્તિકાકો પ્રસંગ ગોપ્ય હે સો કીયો હે સો યા પ્રકાર ચરણામૃત દેકે સઘરે સોલે હજાર બાલકકો શુદ્ધ કીયે-સિદ્ધિ કીયે. તા પાછે વ્રતચર્યા પ્રસંગમેં ચીરહરણ લીલા કરીકે ચીર દ્વારા નેત્રદ્વારા પુરુષોત્તમને હૃદયમેં સ્થાપન કીયે, તબ રાસલીલા અખંડ રાત્રકી જોગ્યતા દેખનકી ભઇ. સો અલૌકિક રાત્રી દિખાયકે વર દીયે જો, શરદમેં રાસલીલામેં દાન હોયગો. જો કાહેતે ચરણારવિંદકેં સંબંધતે સબ સિદ્ધિ ભયી. તાતે ચરણામૃત લેનો. ઓર તુલસી ચરણારવિંદ કે વિષે સમર્પની. ઓર ચરણસ્પર્શ કરનો, યા પ્રકાર સો નેમ રાખે તબ ભક્તિ બઢે તબ પુષ્ટિમાર્ગકે ફલકી પ્રાપ્તિ હોય. ઓર તુલસી હે સો ભગવદ્ધર્મમેં જીતને પ્રતિબંધ હે તિતને સબનકો દૂરિ કરિ કે અલૌકિક સિદ્ધિકી દાતા હે.

ઓર તુલસીકો અલૌકિક સ્વરૂપ હે સોઇ કહત હે. યહ પુષ્ટિમાર્ગમેં મુખ્ય શ્રીસ્વામિનીજીકે સંબંધ ભાવ વિના રંચક હુ ફલકી પ્રાપ્ત નાહીં હે. સો તુલસી શ્રીસ્વામિનીજીકે શ્રીઅંગકો ગંધ હે. તાતે શ્રીઠાકોરજીકો અત્યંત પ્રિય હે.

प्रियाङ्ग-गंध-सुरभि तुलसि! चरणप्रिये,

समर्पयाम्यहं देहि हरेर्देहमलौकिकम् ।।१ ।।

સો યા ભાંતિસો તુલસી બડો પદાર્થ હે-ઓર પવિત્તતા પાર્વતી-વૃન્દા-જાનકી ઇત્યાદિકનકો મહા આધિદૈવિક પતિવ્રત હે તાતે પુષ્ટિમાર્ગ કો સંબંધ દૃઢ ભયો જાનનો. સો ગોવિન્દસ્વામી ગાયે હે:

સીયા પ્રભૃતિ જેતિ જગજુવતી, વારિ ડારોં તેરે રૂપ પર...

યા પ્રકારસો અલૌકિક ભાવ જાનિકે તુલસી મને સમર્પે. ઓર વૃન્દાસ્વરૂપ તો મર્યાદામાર્ગકી રીતિ સો જગતકે વિષે દિખાયે હે. જા દિન સેવા-શ્રીઠાકોરજીકો ચરણસ્પર્શ ન બની આવે સો દિન મિથ્યા ગયે જાનીકે તાપ કરનો. ઓર વારંવાર અપનેહી સ્વરૂપકી ભાવના કરની. ઓર મનુષ્ય દેહ હે સો અત્યંત દુર્લભ જાનનો. ઓર દાસભાવસો પ્રભુકી ટહલ કરની. તો પ્રભુ પ્રસન્ન હોય. તાતે પ્રભુનકો ઐશ્વર્ય વિચારીકે અપરાધકો ભય રાખનો. ભય વિના પ્રીતિ ન હોય. તાતે પ્રભુનકો ભય હે સો બડો પદાર્થ હે ઓર સ્નેહ વિના સગરી ક્રિયા વૃથા જાને. યા પ્રકારસો ભગવદ્સેવાકો નેમ અપને પુષ્ટિમાર્ગકો પરમધર્મ જાનીકે કરનો.

તેસેઇ અપનો પરમધર્મ ભગવદીયસો મિલકે રાખનો દુ:સંગતે ડરપત રહનો. ઓર ભગવદીયકે સંગ વિના શ્રીઠાકોરજીમેં સ્નેહ ન હોય, ઓર સત્સંગ વિના અપનો ધર્મ જાય. ઓર ધર્મ ગયો તબ સબ પાપકો મૂલ હોય જાય. તાતે ભગવદીયતેં પ્રીતિ સહિત મિલાપ રાખે. સત્સંગ વિના દૂસરો ઉપાય સંસારસમુદ્ર તરીવેકો નાહીં હે. તાતે યાકો કલ્યાણ હોય. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયે-વૈષ્ણવકો શિક્ષા દીયે, ઇતિ બાવીસમો પ્રસંગ. ૨૨

..ક્રમશ:

।। ઇતિ શ્રીગોકુલનાથજીકૃત બાવીસમો વચનામૃત સંપૂર્ણમ્ ।।

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

વૃન્દાવનદાસ

આ વૃન્દાવનદાસ ચતુરવિહારીના ભત્રીજા હતા, અને આગ્રાના વતની હતા. તેઓ શ્રીગુસાંઈજીના સેવક હતા. (જુઓ ૨૫૨ વૈ.વા.૨૪૦). જ્યારે વૃન્દાવનદાસ શ્રીગુસાંઈજી પ્રભુચરણની આસુરવ્યામોહલીલાના સમાચાર સાંભળ્યા કે તરતજ વ્યાકુળ હૃદયે શ્રીમદ્ ગોકુલ આવ્યા. તે સમયે શ્રીમદ્ ગોકુલમાં શ્રીગોકુલેશ પ્રભુચરણ બિરાજમાન હતા. વૃન્દાવનદાસની વિહ્વળ દશા જોઇ, આપશ્રીએ અત્યંત કૃપા કરી, શ્રીગુસાંઈજી સ્વરૂપે વૃન્દાવનદાસને દર્શન આપ્યાં અને તેમની વિરહાર્તિ દૂર કરી હતી. ત્યારબાદ વૃન્દાવનદાસ શ્રીગોકુલેશ પ્રભુની સદા નિકટમાં જ રહેવા લાગ્યા અને શ્રીગોકુલેશ પ્રભુમાં જ સ્વરૂપાસક્ત અને અનન્યાશ્રિત બન્યાં હતા.

તેઓ એક ઉત્તમ કવિ હતા. શ્રીગોકુલેશ પ્રભુચરણના નિત્ય અને વર્ષોત્સવના અનેક રસભર્યા પદોની રચના કરી શ્રીગોકુલેશ પ્રભુ સન્મુખ ગાતા હતા. શ્રીગોકુલેશ પ્રભુ જેવા પ્રકારના પ્રગટ લીલા કરતાં તેવી જ લીલાના સમય સમયનાં પદો રચતા અને શ્રીગોકુલેશ પ્રભુચરણને નિવેદિત કરતા હતા. 'શ્રીસ્વરૂપાનુભવોત્સવ' ગ્રંથના ૭૮માં માંગલ્યમાં કૃપાપાત્ર ભક્ત ગોકુલભાઈજી આ સંબંધમાં વર્ણવે છે કેઃ-

તે એવા જે ચતુરવિહારી તણાએ, ભત્રીજા ભાઇ વૃન્દાવનદાસ,
તે વિદ્યમાન પ્રભુને પ્રસન્ન કરે એ, ગાયે રુચતાં પદ ચતુરવિલાસ. ૮૨
તે કૃપાબલે પદ પોતે કરે ઘણાએ, મહાપ્રભુજી તણાં રસરૂપ,
તેમાં જાત્ય વર્ણન કેવલ રસ એ, ભાવ અનુવિષ્ટ અક્ષર અનુપ. ૮૩
એવાં પદ ગાતાં સુણતાં હૃદે સ્થિત એ, હોયે સાક્ષાત્કાર તેણીવાર,
એવી લીલા એહોદ્વારા પ્રગટ હોએ એ, ભક્ત સર્વને રોમ રોમ શૃંગાર. ૮૪

કાકા-ભત્રીજા બન્ને કાવ્યદષ્ટિથી નિપુણ હતા. મુરલી અને બલરામ-બન્ને ભાઇઓ તેમની સંગત કરતા. બલરામ નામનો પખાવજી તેમની સાથે પખાવજ લઇ સંગત કરતો. રાયચંદ ઢોલક વગાડતા અને પોપા વ્યાસ સારંગી બજાવતા હતા. માધવદાસ તાલ આપતા હતા. આ સૌ કીર્તનકારો ભેગા મળીને ગુણગાન કરતા ત્યારે કૃપાસિંધુ શ્રીગોકુલેશ પ્રભુચરણ અત્યંત પ્રસન્ન થતાં અને શ્રીમુખે સરાહના કરતા. જ્યારે તેઓ ધ્રુપદ શૈલીમાં ગાન કરતા ત્યારે શ્રીગોકુલેશ પ્રભુચરણ ધ્યાનથી શ્રવણ કરતા અને તાલ પણ આપતા. વૃન્દાવનદાસના ગાનથી પ્રસન્ન થઇ શ્રીગોકુલેશ પ્રભુ પોતાના શ્રીકંઠની પ્રસાદી ઉપરણો વૃન્દાવનદાસને આપતા અને આ પ્રકારે સન્માન કરતા હતા.

વૃન્દાવનદાસ શ્રીગોકુલેશ પ્રભુને છોડી અન્ય ક્યાંય કદી ગયા નથી. તેમણે રચેલા ધોળ-પદ અદ્યાપિ પર્યંત ગવાય છે. આવા શ્રીગોકુલેશ પ્રભુચરણના સ્વરૂપાસક્ત અને દૃઢ ભાવવાળા ભગવદીયના ભાગ્યનું શું વર્ણન કરવું ?

...ક્રમશઃ

સંયોજનઃ- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

શ્રીઘોલ પદ

સખી હો અગહન માસ ભલો આવ્યો રે

સખી હો અગહન માસ ભલે આવ્યો રે,

ભક્તની જીવની લાવ્યો, સખીહો-અગહન માસ. ૧

સખી શુકલપક્ષ શુભ સાર રે,

તેમાં સુદી સાતમ શુભવાર, સખીહો. ૨

ઘડી એકને છપ્પન પલ રે,

જનમ્યા શ્રી ગોકુલનાથ, સખીહો. ૩

સખી શ્રી વિઠ્ઠલજીને ઘેર રે,

આનંદ કહયો નવ જાય, સખીહો. ૪

સખી શ્રી રુકમણિજી માત રે,

જનમ્યા તે જગત વિખ્યાત, સખીહો. ૫

સખી ભક્ત તે ફુલ્યાં અંગે રે,

ઉત્સવ કરે મન રંગે, સખીહો. ૬

સખી રસિયાં તે બહુ પેરે રે,

લાવે આનંદ ઉલટ ભેટ, સખીહો. ૭

સખી સામગ્રી બહુ પેર રે,

કરે આનંદ ઉલટ ભેર, સખીહો. ૮

સખી માગસીર સુંદની છઠ્ઠ રે,

આનંદ કહ્યો નવ જાય, સખીહો. ૯

સખી શ્રી ઉત્સવને દિન રે,

ઉઠયા તે પ્રાણજીવન, સખીહો. ૧૦

સખી કેસર રસ બહુ લાવે રે,

ફુલેલ તણો નહિ પાર, સખીહો. ૧૧

સખી કેસરે નાહે વલ્લભવર,

અંગુછો કરે મન રંગ, સખીહો. ૧૨

સખી ધોતી ઉપરણા બહુઅ રે,

આભ્રણ કહ્યાં નવ જાય, સખીહો. ૧૩

સખી માર્કંડે પુજા થાય રે,

કરે શ્રી રૂકમણીજી માય, સખીહો. ૧૪

સખી આરતી ઝળહળ જ્યોત રે,

કરે પરમપનોતી પ્રીત, સખીહો. ૧૫

સખી રે સુખ નીરખે સાર રે,

પ્રીતે તે વલ્લભદાસ, સખીહો. ૧૬

વિચાર કરવો જોઇએ !

સ્વસેવ્ય-સ્વરૂપ-પ્રસાદ-ગ્રહણ

ગયાં અંક સુધી આપણે અનેક વિષયોને ભણવાનો પ્રયાસ કર્યો. જેમાં સેવોપદેશદીક્ષા, સેવાસ્વરૂપ, સેવાપ્રદર્શન, સેવાપ્રયોજન, સેવાસ્થલ, સેવ્યસ્વરૂપ, સેવા-અર્થ-આજીવિકા, સેવાકર્તા, સેવાપરિચારક, સેવોપદેષ્ટા (સેવા માટે ઉપદેશ કરનાર શ્રીગુરુદેવ), ભાગવત-કથા અને ગતાંકમાં આપણે સ્વસેવ્ય-સ્વરૂપ-પ્રસાદ-ગ્રહણ વિષે આપણે માર્ગીય પ્રમાણોને ભણવાનો પ્રયાસ કર્યો. જે શ્રીમહાપ્રભુજી, ઉભયપ્રભુચરણ

શ્રીગોપીનાથપ્રભુ-શ્રીવિઠ્ઠલનાથપ્રભુ, શ્રીસપ્તાચાર્ય, પરવર્તી આચાર્યોની વાણીને આધારે ભણ્યાં. હવે શ્રીમહાપ્રભુજીની વાણી અનુસાર આપણે ભણવાનો પ્રયાસ કરીએ આપણા માર્ગમાં તીર્થપર્યટનનું શું મહત્વ છે, અને કેવો નિયમ છે.

वर्णाश्रम-युक्तानामपि वर्णाश्रमधर्मैः तीर्थानि विकल्पन्ते इति आह-

यज्ञास्तीर्थानि च पुनः समानि हरिणा कृताः ।
अतस्तेष्वप्रतिग्राही तद्दीनान्नाधिकस्य हि ।।
हतत्रपः पठन्नित्यं नामानि च कृतानि च ।
एकाकी निस्पृहः शान्तः पर्यटेत् कृष्णतत्परः ।।

....तत्र अटनप्रकारकम् आह 'अतस्तेष्वप्रतिग्राही' इति. तीर्थप्रवेशदिवसे तु उपवासः अग्रिमदिवसे यदि अन्नमात्रमपि नास्ति तदा तावन्मात्रं ग्राह्यं न तु ततो अधिकम्....उच्चैः नामसङ्कीर्तनं तत्र अङ्गम् अन्तर्भगवत्स्मरणञ्च. एकाकी पर्यटेत्. न अत्र '**नैकं प्रपद्येताध्वानम्**' इति स्मृतिदोषः। पथि भोगाद्यर्थं स्पृहा न कर्तव्या शान्तश्च चित्ते भवेत्....(तत्त्वार्थदीप निबन्ध सर्वनिर्णय प्रकरण २४८-२४९ मूल एवं प्रकाश)

કેવી અદ્‌ભૂત આજ્ઞા શ્રીમહાપ્રભુજી પ્રદાન કરે છે. આજે આપણે આ આજ્ઞાથી તદ્દન વિરુદ્ધ આચરણ કરીએ છીએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે વર્ણાશ્રમવાળા અધિકારિઓને માટે પણ વર્ણાશ્રમધર્મ તથા તીર્થયાત્રાના વચ્ચે વિકલ્પ સ્વીકારવામાં આવ્યો છે, એવું નિરૂપણ કરવામાં આવે છે-યજ્ઞો તથા તીર્થોને ભગવાન શ્રીહરિએ સમાન બનાવ્યા છે, તેથી એક દિવસથી વધારે ચાલે તેટલી સામગ્રીને પ્રતિગ્રહ કરવો નહીં (આજે આપણે જે યાત્રા-પ્રવાસ કરીએ છીએ, તેમાં જે ભંડોળ ભેગું કરીને પહેલાં વિચારીએ છીએ કે આ યાત્રામાં ભોજનની વ્યવસ્થા સારી છે કે નહીં....તે વિચાર, વ્યવહારનું શ્રીમહાપ્રભુજી અત્રે ખંડન કરે છે). પ્રથમ તો આપણને અટન શબ્દને વિચારીએ. અટન એટલે ભ્રમણ. અને તીર્થમાં ભ્રમણ કરવું હોય તો ભગવાનના નામ અને લીલાનો પાઠ નિઃસંકોચ કરતાં રહેવું જોઇએ. માર્ગમાં કોઇપણ જાતના ભોગ વગેરેની સ્પૃહા રાખ્યા વિના શાન્તભાવથી યાત્રા કરવી જોઇએ (અત્રે શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ભોગ, વગેરેની સ્પૃહા-કામના રાખ્યા વિના યાત્રા કરવી).

.....હવે તીર્થ-અટનનો પ્રકાર નિરૂપિત થાય છે 'તેથી..' દ્વારા. તીર્થક્ષેત્રમાં પ્રવેશને દિવસે તો ઉપવાસ જ રાખવો જોઇએ (જ્યારે આપણે વ્રજ યાત્રા કરીએ છીએ ત્યારે આપણે આ નિયમને નેવે મૂકી દઇએ છીએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તીર્થમાં પ્રવેશ કરીએ ત્યારે પ્રથમ દિવસે ઉપવાસ કરવો જોઇએ. વ્રજમાં તો દરેક સ્થળ તીર્થ છે, તેથી દરેક તીર્થમાં પ્રથમ પ્રવેશના દિવસે ઉપવાસ કરવો જોઇએ, જે આજકાલ આપણે કરતાં નથી).

તીર્થ પ્રવેશના પૂર્વ દિવસે એટલે કે આગલા દિવસે ખોરાક-ભોજન ન હોય તો તેટલો લઇ શકાય તેનાથી વધારે નહિં....(આપણે તો આજકાલ પહેલાં ભોજનની વ્યવસ્થામાં લાગી જઇએ છીએ. પ્રભુના નામ અને લીલાના પાઠનો સંકોચ સાથે પણ યાદ આવવું મુશ્કેલ બની ગયું છે). વાણીથી ઉચ્ચ સ્વરથી નામસંકીર્તન અને હૃદયમાં સતત ભગવત્સ્મરણ આ તીર્થયાત્રાના અંગ છે (જ્યારે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે નામસંકીર્તન ઉચ્ચ સ્વરે કરવું અને હૃદયમાં ભગવત્સ્મરણ તીર્થયાત્રાનું અંગ છે, ત્યારે આપણે આજકાલ લાઉડસ્પીકર પર કેસેટ વગાડીને પોતાના આપણે લૌકિક ચર્ચામાં લાગ્યા રહીએ છીએ).

શ્રીમહાપ્રભુજી અત્રે સ્પષ્ટ અનોખી આજ્ઞા કરે છે..' **एकाकी पर्यटेत्**'..અહીં સ્પષ્ટ આજ્ઞા છે આદેશ છે કે તીર્થ પર્યટન એકાકી કરવું જોઇએ (એકલા અટૂલા ૩-૪ સુજાતી સાથે પર્યટન કરવું જોઇએ, નહીં કે આખે આખો સમાજ જોડે જોડાઇને પર્યટન કરે, આજની વ્રજયાત્રામાં તો આજ થાય છે....જરા વિચારો).

સ્મૃતિ એમ કહે છે કે ' **नैकं प्रपद्येताध्वानम्**' એટલે કે એકાકી યાત્રાએ ન જવું, તેનાથી દોષ લાગે છે, પણ શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ના, આ દોષ મારા (પુષ્ટિમાર્ગ) નથી લાગતો. (મારા માર્ગમાં તો જો તીર્થ પર્યટન કરવું હોય તો એકાકી જ પર્યટન કરવું પડશે, જો એમ નહીં કરે તો જરૂર દોષ લાગશે.)

અને હા વધું અગત્યની આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરે છે કે માર્ગમાં ભોગ-ભોજન વગેરેની સ્પૃહા-કામના, ઈચ્છા રાખવી નહીં (પણ આજે આપણે ફૂડ-પેકેટ્સ તૈયાર કરી ને પછી માર્ગમાં આગળ વધીએ છીએ, તેની શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ મના કરે છે). શાન્ત રહેવું જોઇએ...(તત્ત્વાર્થદીપ નિબંધ સર્વનિર્ણય પ્રકરણ ૨૪૮-૨૪૯)

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

|| કૃષ્ણરાયરચિત-શ્રીગોકુલેશોત્સવ વર્ણનમ્ ||

नन्दालयांते निगमरगम्यं सनातनं ब्रह्म यदस्ति भूम्या ।

गोरूपया प्रार्थित एव कृष्णः सः एव वारत्रय(माब) भूव ।। १ ।।

ગોરૂપ ધારિણી પૃથ્વીએ જે શ્રુતિ સ્મૃતિથી અગોચર, સનાતન બ્રહ્મ, નંદાલયસ્થ શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી તે જ શ્રીકૃષ્ણ ત્રણ વખત પ્રગટ થયા. ૧

तथाहि भूमावजनिष्ट पूर्वं श्रीवल्लभाचार्य इति प्रसिद्धः ।

श्रीविट्ठलेशोऽपि तथोत्तरस्मात् श्रीवल्लभोभूत्कुलनामदीपः ।। २ ।।

તે આ પ્રમાણે પહેલી વાર ભૂમિ ઉપર શ્રીકૃષ્ણ પ્રગટ થયા તે શ્રીવલ્લભાચાર્ય નામથી પ્રસિદ્ધ છે. એ પ્રમાણે બીજી વાર શ્રીવલ્લભાચાર્યજીને ત્યાં શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશ એ નામથી પ્રગટ થયા. અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુને ત્યાં શ્રીકૃષ્ણકુલનામદીપ શ્રીવલ્લભરૂપે (શ્રીચતુર્થકુમાર શ્રીગોકુલેશ પ્રભુચરણરૂપે) પ્રગટ થયા. ૨

पुराभिषिक्तः पयसा सुरभ्या कृतः पतित्वे निजगोकुलस्य ।

सर्वेन्द्रियस्वामितयापि नाम्ना भक्तैर्निरुक्तोऽपि स गोकुलेशः ।। ३ ।।

પહેલાં (ઇન્દ્રયાગ બંધ કરી જ્યારે શ્રીકૃષ્ણે શ્રીગોવર્ધનયાગ શરૂ કર્યો ત્યારે) સુરભિ (કામધેનુ) એ પોતાના દૂધથી શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો અને ગાયોના કુલના પતિ (गोविन्दः गवामिन्द्रः इति गोविन्दः) ગોવિન્દ તરીકે આપને સન્માન્યા. એ જ શ્રીકૃષ્ણ જ્યારે (શ્રીચતુર્થકુમાર) શ્રીગોકુલેશ પ્રભુ સ્વરૂપે પ્રગટ્યા, ત્યારે આપ સર્વ ઇન્દ્રિયોના સ્વામી હોવાથી આપને ભક્તોએ શ્રીગોકુલેશ (ગો-ઇન્દ્રિય, कुल-સમૂહ, ईश-સ્વામી) નામથી અભિષેક કર્યો. ૩

यस्मिन्प्रभुः प्रादुरभूत्स भूमौ कालो महाशोभन एव जातः ।

तदा हि सर्वत्र जगज्जनानां सुखाय तज्जन्मदिनं बभूव ।। ४ ।।

જે સમયે (શ્રીગોકુલેશ)નું ભૂમિ ઉપર પ્રાગટ્ય થયું ત્યારે કાલ અત્યંત મંગલમય થઇ ગયો; ત્યારે સર્વત્ર સર્વ દૈવી જનોને આપશ્રીનો પ્રાગટ્યદિન સુખકારક થયો. ૪

यज्जन्मनि जगज्जातं मङ्गलैकातिमङ्गलम् ।

गोकुलं सकलं वासीन्नवमङ्गलपूरितम् ।। ५ ।।

આપના પ્રાગટ્યથી દૈવી જીવોનું અતિ મંગળ થયું. વિશેષતઃ સકલ ગોકુલ નવ મંગલથી પૂર્ણ બન્યું. ૫

प्रतिसंवत्सरं तस्मिन् गोकुलेशजनुर्दिने ।

महामहोत्सवा आसन् सकला गोकुलैकसः ।। ६ ।।

દરેક વર્ષ પ્રસિદ્ધ શ્રીગોકુલેશના પ્રાગટ્યદિને બધા ગોકુલવાસીઓ મહામહોત્સવ ઉજવતા. ૬

आबालवृद्धमखिलाधन्या गोकुलेवासिनः ।

नित्योत्सवास्तदा ह्यासन्नत्युत्सवोत्सुकाः (कलि) ।। ७ ।।

ઉત્સવને માટે અતિ ઉત્સુક આબાલવૃદ્ધ બધા ગોકુલવાસીઓ ધન્ય છે, કારણકે નિત્ય ઉત્સવો થતા. ૭

वादित्राणि विचित्राणि वादयन्ति स्म वादकाः ।

जगुर्मङ्गलगीतानि सुस्वराण्यङ्गनागणाः ।। ८ ।।

વાદકો વિચિત્ર વાજિંત્રો વગાડે છે. યુવતિગણો સુંદર સ્વરોથી મંગલ ગીતો ગાય છે. ૮

प्रतिद्वारमगाराणां नवपल्लवतोरणम् ।

बबंधुः सेविनोन्योन्यं चक्रुः कुंकुममञ्जनम् ।। ९ ।।

ઘરોના દરેક દ્વાર પર નવપલ્લવનાં તોરણ સેવકોએ બાંધ્યાં અને પરસ્પર કુંકુમનું મંજન કર્યું. ૯

अभूत्तस्मिन्मनोहारिशुभकारिजनुदर्दिने ।

गोकुलेशगृहद्वारि भूरिवाद्यान्यवादिषुः ।। १० ।।

કલ્યાણકારી પ્રાગટ્યદિને સર્વ વસ્તુ મોહક રીતે સુંદર હતી. શ્રીગોકુલેશના આવાસના દ્વાર ઉપર અનેક વાજિંત્રો વાગતાં હતાં. ૧૦

तत्र दुंदुभयो धीरं मधुरध्वनिदध्वनुः ।

गोमुख नि सुखान्यासन्नखण्डं डिंडिमोनदत् ।। ११ ।।

ત્યાં દુંદુભિ ગંભીર મધુર અવાજ કરવા લાગ્યાં. ગોમુખ અને ડિંડિમનો પણ કર્ણપ્રિય નાદ આવવા લાગ્યો. ૧૧

भेर्यश्च भूरिशो नेदुर्गम्भीरा भैरवारवाः ।

पणवाश्च तथा विप्राः प्रणवाद्याशिषोभणन् ।। १२ ।।

એકી સાથે ભેરીઓ વાગવા લાગી અને ગંભીર ભૈરવ અને પણવનો અવાજ આવવા લાગ્યો. બ્રાહ્મણોએ પ્રણવયુક્ત આશિષો ઉચ્ચારી. ૧૨

वैणविका अनणीयासोवीणाः कलभरीणान् (?)।

नवीना वेणवो रेणुः प्रवीणा अपणायिषु ।। १३ ।।

શરણાઈવાળા શરણાઈ વગાડવા લાગ્યાં, વીણા પણ મધુરે સ્વરે ધ્વની કરવા લાગી, નવી વેણુઓ વાગવા લાગી. ૧૩

अमन्दानन्दसंदोहदायका गायका जगुः ।

मृदङ्गा वृंदशो नेदुर्नृत्ये तालक्रमानुगाः ।। १४ ।।

ગાયકોએ એવી રીતે ગાન કર્યું કે સાંભળનારાઓ નિરવધિ આનંદમાં મગ્ન થઇ ગયા. નૃત્યમાં તાલક્રમને અનુસરીને મોટી સંખ્યામાં મૃદંગ વાગવા લાગ્યાં. ૧૪

तदा शृंगारभोगांते गोकुलेशः स्वयं प्रभुः ।

मन्दिरान्मङ्गलं स्नातुमाजगाम निजगृहम् ।। १५ ।।

શૃંગાર ભોગ પછી શ્રીગોકુલેશ પ્રભુ મંગલ સ્નાન કરવાને માટે મંદિરમાંથી પોતાના આવાસ (શ્રીબેઠકજી)એ પધાર્યા. ૧૫

तत्र स्थित्वाङ्गणे भद्रं कर्तुं स्नानं प्रचक्रमे ।

स्नानीयसाधनं सर्वमानिन्युर्निजसेवकाः ।। १६ ।।

ત્યાં આંગણમાં વિરાજીને ભદ્ર સ્નાન કરવાનો ઉપક્રમ કર્યો, નિજસેવકો સ્નાન માટેની સર્વ સામગ્રી લાવ્યાં. ૧૬

केचिन्मस्तके तैलं सिषिचुः पुष्टवासितम् ।

केचिन्मृगमदैः केचित् धुसृर्णः केपिचन्दनैः ।। १७ ।।

सुगन्धोद्वर्त्तनैस्सर्वे जिजिषुस्तस्य विग्रहम् ।

तत उष्णोदकैस्सस्नौ तदा तद्दर्शनोत्सुकैः ।। १८ ।।

तदाङ्गणगतैर्भक्तैरनुरक्तैस्ससंभ्रमैः ।

प्रसादशिखरारूढैस्सघोषोतिमहानभूत् ।। १९ ।।

કેટલાક સેવકોએ પુષ્પવાસિત તેલનું શ્રીમસ્તકમાં સિંચન કર્યું, કેટલાકે કસ્તૂરી, કેટલાકે કેસર, કેટલાકે ચંદન, કેટલાકે સુગંધી અંગલેપ શ્રીવિગ્રહ ઉપર ચર્ચિત કર્યા. ત્યારબાદ આપે ઉષ્ણોદકથી સ્નાન કર્યું. દર્શન માટે ઉતાવળે ઉતાવળે આંગણે આવેલા સ્વરૂપાસક્ત ભક્તોએ તથા મંદિરની અટારીએ ચડેલા ભક્તોએ મહાન કોલાહલ કર્યો. ૧૭, ૧૮, ૧૯.

संव्याय वाससि पीते गत्वा स्वप्रभुमन्दिरम् ।

ततौऽसौ राजभोगाङ्गते प्रभोर्नीराजन व्यधात् ।। २० ।।

પીત વસ્ત્ર ધારણ કરી, નિજમંદિરમાં પધારી આપે (શ્રીગોકુલેશ પ્રભુએ) રાજભોગ પછી પ્રભુની આરતી કરી. ૨૦

अथ तत्राङ्गणे सोयं चतुष्कोपरि शोभने ।

पुत्रपौत्रप्रपौत्रैस्वैर्निषसाद सहासने ।। २१ ।।

હવે ત્યાં આંગણામાં ચતુષ્ક શોભી રહ્યો છે. ત્યાં આસન ઉપર પુત્રો, પૌત્રો સહિત આપ વિરાજ્યાં. ૨૧

पुरपीठस्थितानष्टमुष्टितंडुलकल्पितान् ।

सखिबंधूदितैर्मंत्रैरुपचारैरपूपुजत् ।। २२ ।।

तदंते गोकुलशस्य स्वसूपुत्र्यादस्त्रियः ।

पतिवन्त्यस्सतिलकं मौक्तिकरार्तिकं व्यधुः ।। २३ ।।

આગળ પાછળ રહેલા આઠ મૂઠી તંડુલનું સ્હેનીસંબંધીઓ સાથે મળીને પૂજન કર્યું. ત્યારબાદ શ્રીગોકુલેશનાં બેનાંજી, બેટીજી આદિ સૌભાગ્યવતી સ્ત્રીઓએ તિલક યુક્ત મોતીની આરતી ઉતારી. ૨૨-૨૩

निजभक्तस्त्रियोप्यस्य कृत्वा नीराजनं तथा ।

तन्मूर्ध्नि मौक्तिकस्वर्णपुष्पाञ्जलिमवाकिरन् ।। २४ ।।

પોતાનાં સ્ત્રીભક્તોએ પણ આપની આરતી ઉતારી આપના શ્રીમસ્તક ઉપર મોતી તથા સ્વર્ણ પુષ્પાંજલીની વર્ષા કરી. ૨૪

ततोनुरक्तेर्भक्तैःस्वै रत्नाभरणभूषितः ।

बंधुभिः सहविप्रश्च भोजनस्थानमाययौ ।। २५ ।।

ત્યારબાદ પ્રેમી ભક્તો ભાઈઓ તથા બ્રાહ્મણો સાથે, રત્નાભરણથી ભૂષિત ભોજનસ્થાને પધાર્યા. ૨૫

ब्राह्मणान् भोजयित्वा स सबंधुर्बुभुजे स्वयम् ।

भोजिकाः सेवकाः सर्वे स्वहस्तपरिवेषणेः ।। २६ ।।

બ્રહ્મભોજન કરાવી પછી આપે કુટુંબીજનો સાથે ભોજન કર્યું. પછી આપે સ્વયં પીરસીને સ્વસેવકોને પ્રસાદ લેવડાવ્યો. ૨૬

भोजनांते सतांबूला ब्राह्मणा ददुराशिषः ।

ततः स्वमन्दिरास्तीर्ण नवासनसुखस्थितः ।। २७ ।।

ભોજન બાદ તાંબૂલ જેમણે આરોગેલા છે એવા બ્રાહ્મણોએ આશિષ આપી. પછી આપ ખવાસકોઠામાં બિછાવેલ નવા આસન ઉપર સુખપૂર્વક બિરાજ્યાં. ૨૭

पुत्रपौत्रप्रपौत्रैश्च वृतोसौ सुशुभेतराम ।

नृत्यवादित्रगीताढ्यं नानोपायनसंभृतम् ।। २८ ।।

महामहोत्सवं चक्रुस्तदासंध्यं स्वसेवकाः ।

दिव्यानि परि धेयानि पदवस्त्राण्यनेकधा ।। २९ ।।

मौक्तिकानि सरत्नानि सौवर्णाभरणानि च ।

सुकुटुंबंगोकुलेश प्रीतितः पर्यधापयन् ।। ३० ।।

પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો સહિત આપ અનેરી રીતે શોભાયમાન થઇ રહ્યા હતા, સાંજે સેવકોએ મહામહોત્સવ મનાવ્યો, જેમાં નૃત્ય, વાજીંત્ર, ગીત અને નાના પ્રકારની ભેટનો સમાવેશ થતો હતો. શ્રીગોકુલેશ પ્રભુને તેમજ બધાં કુટુંબીજનોને સેવકોએ વિવિધ દીવ્ય વસ્ત્રો, મોતી રત્ન અને સુવર્ણનાં આભરણો પ્રીતિપૂર્વક પહેરામણીમાં આપ્યાં. ૨૮, ૨૯, ૩૦.

अनन्याः सेविनो धन्या द्रव्याण्यन्यान्यनेकेशः ।

उपायनान्यमि निन्युरन्योन्येभ्योधिकाधिकम् ।। ३१ ।।

ભાગ્યશાળી અનન્ય સેવકો એકબીજાથી વધારે અનેક પ્રકારનાં દ્રવ્યો ભેટ તરીકે લાવ્યાં. ૩૧

रराज गोकुलेशोऽसौ सकुटुंबोतिभूषितः ।

पुष्पितः फलतो मूर्त्तः शृंगारद्रुविवाद्भुतः ।। ३२ ।।

જાણે કે શૃંગાર રસે મૂર્ત થઇ પુષ્પિત અને ફલિત કલ્પવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ કુટુંબથી ભૂષિત શ્રીગોકુલેશ પ્રભુ શોભવા લાગ્યા. ૩૨

गोकुले गोकुलेशस्य सदा जन्मदिनोत्सवः ।

दृष्ट आसंध्यमाधिक्यं कृष्णरायेण वर्णितः ।। ३३ ।।

ગોકુલમાં શ્રીગોકુલેશનો પ્રાગટ્ય મહોત્સવ સદા આ પ્રમાણે ઉજવાય છે. કૃષ્ણરાયે જે પ્રમાણે સંધ્યા સમય સુધી દર્શન કર્યાં તે પ્રમાણે તે ઉત્સવનું વર્ણન કર્યું. ૩૩

।। श्रीगोकुलेशो विजयते. श्रीवल्लभो विजयते ।।

ઇતિ શ્રીગોકુલેશો વિજયતે, શ્રીવલ્લભો જયતિ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

જૈ જૈ શ્રીગોકુલેશ

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજનો રે

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજનો રે, પ્રગટયા શ્રીગોકુલનાથ, ઉત્સવ ઘેર આપણે રે. ૧

જીરે ધન્ય ધન્ય માતા શ્રીરુક્મિણી રે, ધન્ય ધન્ય શ્રીવિઠ્ઠલ તાત, ઉત્સવ. ૨

જીરે ઘડી એક છપ્પન પલે રે, પ્રકટયા પ્રાણઆધાર. ઉ. ૩

જીરે માગસર માસ સોહામણો રે, તેમાં સુદ સાતમ શુભ વાર. ઉ. ૪

જીરે આવો મળો સાહેલડી રે, મળીમળીય ને મંગલ ગાઓ. ઉ. ૫

જીરે કેશર ચંદન છાંટણાં રે, જીરે મોતીના ચોક પુરાવો. ઉ. ૬

જીરે કદળીના સ્થંભ ઉભા કર્યા રે, તોરણ બાંધ્યાં છે દ્વાર ઉ. ૭

જીરે મંડપ છાયો રે મોદ શું રે, જીરે અગર કાંઈ અપાર. ઉ. ૮

જીરે લખો વૈષ્નવને કંકોતરી રે, તેડાવો સુજાતિનો સાથ. ઉ. ૯

જીરે પહેરામણી કરો મન ભાવશું રે, લેવરાવો મહાપ્રસાદ. ઉ. ૧૦

જીરે ગવરાવો ગુણ મહાપ્રભુતણા રે, કરી કરી બહુય સન્માન. ઉ. ૧૧

જીરે ભેટ કરો મનભાવતી રે, આપો વિપ્રને બહુ દાન. ઉ. ૧૨

જીરે કળિયુગમાં કરુણા કરી રે, પ્રભુ પધાર્યા પ્રાણેશ ઉ. ૧૩

જીરે વલ્લભદાસ વિનતિ કરે રે, કહે જય જય શ્રીગોકુલેશ. ઉત્સવ ઘેર આપણે રે. ૧૪

કવિત

ગોકુલેશજીને શિક્ષા કરી હે સ્વકીય હિત,

રક્ષાકે નિમિત્ત ઈચ્છા પ્રકટ જનાય કેં;

ઈચ્છાહૂકે પ્રબલ પ્રતાપકો પ્રકટ કરી,

લૌકિક અલૌકિક કહ્યો સબ સમુઝાય કે;

ઈચ્છા વિન પાત નહીં ડોલત હૈ એકપલ,

ઈચ્છા જો કરત સૌ તૌ કારન હિ પાયકે;

તૂ તો અંગીકૃત હૈ, અંગીકૃત હિત પ્રાકટય હે,

તે જો કરત સો તો ઈચ્છા મન ભાય કે. ૨૩

શ્રીગોકુલનાથકી જય


-: श्रीमहाप्रभुजीकै प्राकट्योत्सवकी बधाई :-

राग बिहाग :- प्रकट व्है मारग रीत दिखाई । परमानंद स्वरूप कृपानिधि श्रीवल्लभ सुखदाई ।। १ ।। कर सिङ्गार गिरिधरनलालकौ जब कर वेणु गहाई । ले दर्पण सन्मुख ठाड़े व्है निरख निरख मुसकाइ ।। २ ।। विविध भांत सामग्री हरिकौ करि मनुहार लिवाई । जल अचवाय सुगंध सहित मुख बीरी पान खवाई ।। ३ ।। कर आरती अनोसर पट दे बैठै निजगृह आई । भोजन कर विश्राम छिनक ले निज मण्डली बुलाई ।। ४ ।। करत कृपा निज दैवीजीवन पर श्रीमुखवचन सुनाई । वेणु गीत पुन युगलगीतकी रसवरखाँ वरखाई ।। ५ ।। सेवा रीति–प्रीति व्रजजनकी जनहित जग प्रगटाई । दास शरण हरि वाग्धीशकी चरणरेणु निधि पाई ।। ६ ।।

।। શ્રીગોકુલેશો જયતિ ।।

શ્રીમદ્ વલ્લભાચાર્યજી

વિશેષ વાંચન



આપણા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો પ્રાગટ્ય સં.૧૫૩૫માં થયો હતો, જે શ્રીમધ્વાચાર્યજી પછી આસરે ૨૦૦ વર્ષ બાદ મનાય છે. આપણે સૌ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્યનો ઇતિહાસ જાણીએ છીએ. આપશ્રીના પિતાનું નામ લક્ષ્મણ ભટ્ટજી અને માતા ઇલ્લમાગારુ હતું. શ્રીમહાપ્રભુજીના પૂર્વજો સોમયાજી હતા. સોમયાજી એટલે જેમને સોમ યજ્ઞ કર્યા હોય તે સોમયાજી. શ્રીયજ્ઞનારાયણ ભટ્ટથી આરંભી શ્રીલક્ષ્મણ ભટ્ટ સૂધીમાં ૧૦૦ સોમયાગ (સોમયજ્ઞ) થયા હતા. ભગવાને ૧૦૦ સોમયાગ પુરા થયા બાદ શ્રીમહાપ્રભુ પહેલાં સાતમી પેઢીએ થયેલા શ્રીયજ્ઞનારાયણ દીક્ષિતને તેમના વંશમાં અવતાર લેવાનું વચન આપ્યું હતું. આ પ્રમાણે શ્રીલક્ષ્મણભટ્ટજી સૂધીમાં ૧૦૦ સોમયાગ પુરા થતાં સોમયાગથી શુદ્ધ પવિત્ર કુલમાં ભગવાને પ્રકટ થવાનો નિશ્ચય કર્યો.

શ્રીલક્ષ્મણભટ્ટજી વિદ્યાનગરના રાજપુરોહિત સુશર્મા બ્રાહ્મણની ઇલ્લમાગારુ નામની કન્યાને પરણ્યા હતા. તે ઘણો વખત કાશીમાં જ રહેતા હતા. ત્યાં ઉપદ્રવ થવાથી આપનાં ધર્મપત્ની ઇલ્લમાગારુજીને લઇને કાશીથી બહાર નીકળી ગયા. માર્ગમાં ચંપારણ્ય આગળ (સપ્તમાસિક) ગર્ભનો શ્રાવ થયો. આ ગર્ભને મૃત જાણી એક શમીવૃક્ષ (શમડાના વૃક્ષ) આગળ મુકી શમીવૃશ્રની છાલથી ઢાંકી આગળ ચાલતા થયા, અને પાસેના ગામમાં વિશ્રામ લઇ કાશી તરફ પધાર્યા. તે સમયે ભગવાને આજ્ઞા કરી કે , *હું તમારા ત્યાં પ્રકટ થયો છું. મને શમીવૃક્ષ આગળ મુકી ચાલ્યા ન જાઓ.*

આજ્ઞા શ્રવણ કરી પાછા આવતાં શમીવૃક્ષ આગળ અગ્નિના મંડળ વચ્ચે એક સુંદર બાળકનું દર્શન કર્યુ. તે બાળકને દેખતાંજ શ્રીઇલ્લમાગારુજીને સ્તનમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી. શ્રીઇલ્લમાગારુજીએ કહ્યુ કે *આ મારો પુત્ર છે*, ત્યારે શ્રીલક્ષ્મણભટ્ટજીએ કહ્યું કે *જો તમારો પુત્ર હશે તો અગ્નિ તમોને માર્ગ આપશે.* આ શબ્દ સાંભળી અગ્નિએ માર્ગ આપ્યો, એટલે ઘણાં હર્ષથી શ્રીઇલ્લમાગારુજીએ બાળકને પોતાની ગોદમાં લઇ સ્તનપાન કરાવ્યું, અને પુત્રને લઇ કાશી તરફ પધાર્યા.

શ્રીમહાપ્રભુજીનાં સ્વરૂપનો વિચાર

શ્રીમહાપ્રભુનું સ્વરૂપ સમજવું કઠીન છે, કહીએ તો અસંભવ છે. શ્રીપ્રભુકૃપાથી જ તે સમજાય છે. અધર્મને દૂર કરી ધર્મનું સ્થાપન કરવા અને લીલા દ્વારા ભક્તોનો નિરોધ કરવાને ભગવાન્ પ્રકટ થાય છે, જ્યારે પૃથ્વી ઉપર મિથ્યાવાદથી શુદ્ધ બ્રહ્મવાદ ગુપ્ત થયો ત્યારે

વેદના શુદ્ધ અર્થ કરી મિથ્યાવાદાદિને દૂર કરી શુદ્ધ અદ્વૈત-શુદ્ધાદ્વૈત (બ્રહ્મવાદ)ને દર્શાવવા, તેમજ ભક્તિમાર્ગનું સ્થાપન કરી દૈવી જીવોનો ઉદ્ધાર કરવાને શ્રીમહાપ્રભુજી સ્વરૂપે ભગવાન્ પ્રકટ થયા.

શ્રીમદ્‌ભાગવતનો અર્થ ઘણાઓએ કર્યો; પણ જે સાક્ષાદ્ ભગવાનને પ્રિય લાગે એવો ગૂઢ અર્થ પ્રકટ કરવાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજી સિવાય બીજા કોઇમાં ન દેખાવાથી આનન્દમય સ્વરૂપ પોતાના મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા. કારણ કે ગૂઢાર્થનો ઉપદેશ કરવાને વાણીના સ્થાનરૂપ મુખારવિન્દની જરૂર હોવાથી આપ ભગવાનના મુખારવિન્દ સ્વરૂપે પ્રકટ થયા; તેથી શ્રીમહાપ્રભુજી ભગવાનના **મુખાવતાર** કહેવાય છે.

ભગવાનના મુખમાંથી અગ્નિ થયો છે. એવું શાસ્ત્રમાં છે. આધિદૈવિક અગ્નિનું સ્થાન ભગવાનનું મુખારવિન્દ છે. નિ:સાધન જીવોના દરેક દોષ બાળી પોતાના શરણે લઇ શ્રીપ્રભુને પ્રિય ભક્તો બનાવવા અગ્નિની જરૂર હતી. તે દોષ બાળી શુદ્ધ કરવાને માટે આપ ઉત્તમ દેવરૂપ ભગવાનના મુખારવિન્દમાં રહેનાર આધિદૈવિક અગ્નિસ્વરૂપે પ્રકટ થયા છે; તેથી શરણે આવેલા જીવોના સર્વ દોષો બાળીને શુદ્ધ કરી દે છે. માટે આપશ્રીને **વૈશ્વાનર** એવાં નામથી ભગવદીયો કહે છે. શ્રીમહાપ્રભુજીએ પણ પોતાને પોતાના લેખોમાં **વૈશ્વાનર** તરીકે ઓળખાવ્યા છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે-ભગવાનને સ્વરૂપથી લીલાદ્વારા ઉદ્ધાર કરવાની ઇચ્છા ન હતી; પરન્તુ ઉપદેશ દ્વારા જીવોને ઉદ્ધાર કરવાની ઇચ્છા હોવાથી પ્રાકૃત (સાધારણ) માણસ જેવો દેહ ધારણ કરી આપ શ્રીમહાપ્રભુજી સ્વરૂપે અત્ર પધાર્યા. આપનો દેહ-આકાર (શ્રીઅંગ) પ્રાકૃત મનુષ્યના જેવો છતાં આપ સાક્ષાત્ શ્રીકૃષ્ણચન્દ્ર છે; આ વાત આપના અલૌકિક ચરિત્રથી જ ભગવદીયો જાણી ગયા હતાં. અને તેવું આપનું અલૌકિક ગૂઢ સ્વરૂપ શ્રીગુસાંઇજીએ શ્રીસર્વોત્તમજી (નામ), શ્રીવલ્લભાષ્ટક (ગુણ), શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત (સ્વરૂપ)માં દર્શાવી દીધું છે.

આપણે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનો નિરન્તર વિચાર કરીએ તો શ્રીમહાપ્રભુજી હૃદયમાં પધારે અને તે દ્વારા આપની ગૂઢવાણી સમજાય. શ્રીપ્રભુનો સમ્બન્ધ પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ થાય છે. હમેશાં તુલસીમાલામાં શ્રીમહાપ્રભુજીનું ધ્યાન કરવું.

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ભૂતલ પર જો ન થયું હોત તો આ દૈવી સૃષ્ટિને શ્રીવ્રજાધીશ શ્રીકૃષ્ણચન્દ્રની પ્રાપ્તિ ન થતાં સૃષ્ટિ વ્યર્થ થઇ જાત. પ્રેમની પરાકાષ્ઠા નિર્ગુણ પુષ્ટિ ભક્તિનું દર્શન ન થાત, શુદ્ધ બ્રહ્મવાદનું સ્વરૂપ ન સમજાત, શ્રીમદ્ ભાગવતના ગૂઢ તત્ત્વનું ભાન થાત નહિં. અને નિ:સાધન જીવોને માટે આ બ્રહ્મસંબંધમંત્ર એવં અષ્ટાક્ષરમંત્ર પણ ન મળત. આ સર્વ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ થઇ સિદ્ધ કર્યું. અને આપે સર્વસામાન્ય શરણમાર્ગ સ્થાપ્યો, જેમાં ઉદ્ધારલાયક સર્વ જીવોનો અધિકાર છે, અને સર્વ દેશ અને સર્વ કાલમાં તે આચરી શકાય છે, કલિયુગમાં તેનાથી જ ઉદ્ધાર છે.

શ્રીમહાપ્રભુજીનું ગ્રંથ સાહિત્ય

૧. **તત્વાર્થદીપ નિબન્ધ** :- આચાર્યશ્રીનો આ શરૂનો ગ્રંથ છે. આ ગ્રંથમાં ત્રણ પ્રકરણ છે.

શાસ્ત્રાર્થ પ્રકરણ :- શાસ્ત્રાર્થ પ્રકરણમાં શુદ્ધાદ્વૈત વેદાન્ત (બ્રહ્મવાદ)નું નિરૂપણ છે, જેમાં શ્રીગીતા અને શ્રીભાગવત વિષે નિરૂપણ કરે છે.

સર્વનિર્ણય પ્રકરણ :- સર્વનિર્ણય પ્રકરણમાં પૂર્વમીમાંસાનો નિર્ણય અને બ્રહ્મવાદ સાથેની એક્યતા છે, જેમાં કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગને નિરૂપણ કરે છે.

ભાગવતાર્થ પ્રકરણ :- આ પ્રકરણમાં શ્રીમદ્‌ભાગવતના શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ અને અધ્યાયમાં સ્પષ્ટ થતાં અર્થનું નિરૂપણ છે.

આ ગ્રંથ ઉપર શ્રીમહાપ્રભુજીએ સ્વયં 'પ્રકાશ' નામક સ્વોપજ્ઞ ટીકા પણ રચી છે.

૨. **પૂર્વમીમાંસાભાષ્ય**-હાલમાં પૂરેપૂરૂ ગ્રંથ ઉપલબ્ધ નથી.

૩. **પૂર્વમીમાંસાકારિકાઓ** પૂર્વ મીમાંસાના સૂત્રો (મહર્ષી જૈમિનીના સૂત્રો) ઉપર કારિકાઓ.

૪. **શ્રીમદ્ભાગવત**-સૂક્ષ્મ ટીકા.

૫. **અણુભાષ્ય** - ઉત્તરમીમાંસા-બ્રહ્મસૂત્રો ઉપરનું વેદાંતભાષ્ય.

૬. **પત્રાવલંબન**- પૂર્વ અને ઉત્તર મીમાંસાનો સમન્વય આપતો વાદગ્રંથ.

૭. **ગાયત્રી મંત્ર**ની વ્યાખ્યા અને ભાષ્ય.

૮. **ષોડશ ગ્રંથો** (૧૬ ગ્રંથનો સમૂહ).

૯. **અનેક અષ્ટક**- મધુરાષ્ટક, પરિવૃઢાષ્ટક, વગેરે.

૧૦. **પુરુષોત્તમ-નામ-સહસ્ર**.

૧૧. **ત્રિવિધલીલાનામાવલી**.

૧૨. **દશમસ્કન્ધ**.

૧૩. **ન્યાસાદેશ** (ગીતાના સારરૂપ માત્ર ૧ શ્લોક).

૧૪. **એકાદશસ્કન્ધાર્થ નિરૂપણકારિકા**.

૧૫. **શ્રીસુબોધિનીજી**, વગેરે અનેક ગ્રંથો.

૧૬. **શિક્ષાશ્લોક** - કાશીમાં બન્ને બાલકો અને પુષ્ટિજીવો માટે આપેલ અંતિમ ઉપદેશ.

સંસ્કૃત ભાષા ઉપરાંત વ્રજભાષા તથા ગુર્જર ભાષામાં પણ ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે.

આવા બીજા અનેક ગ્રંથો જે શ્રીમહાપ્રભુજીએ રચના કરી ને નિજ સૃષ્ટિ ઉપર કૃપા કરી છે.

ષોડશ ગ્રંથ :-

પોતાના શુદ્ધાદ્વૈતને સમજાવનારા આ લઘુ ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસ્વરૂપ, જીવ સ્વરૂપ, જગતનું સ્વરૂપ, શુદ્ધ પુષ્ટિમાર્ગીય, મર્યાદામાર્ગીય અને પ્રવાહમાર્ગીય જીવોની ઉત્પત્તિ તેમજ શ્રવણ ભક્તિનું સ્વરૂપ, સેવાનું ફળ વગેરે અનેક વિષયોનો સમાવેશ કર્યો છે. આ ૧૬ લઘુ ગ્રંથો પર એક સારાંશ:

૧. **શ્રીયમુનાષ્ટક** :- પવિત્ર જલસ્વરૂપ નદી શ્રીયમુનાજીની સ્તુતિરૂપે વર્ણવેલા આ નવ શ્લોકોમાં ધર્મ અને અર્થ તથા કામ અને મોક્ષ વિ. પુરુષાર્થોની ગૌણાધિક્તા બતાવેલ છે.

૨. **બાલબોધ** :- ૧૯ શ્લોકોના આ લઘુ ગ્રંથમાં ચાર પુરુષાર્થ તેના પ્રકારભેદ તથા મોક્ષને વિગતે વર્ણવેલ છે. ભગવન્નામ સ્મરણ પર ભાર મૂક્યો છે.

૩. **સિદ્ધાંતમુક્તાવલિ** :- 'ભક્તિ' પર ૨૧ શ્લોકોનો આ લઘુ ગ્રંથ છે, જેમાં ઈશ્વર માટે સર્વ વસ્તુઓનો ત્યાગ કરી દેવાની વાત કરી છે. શ્રીકૃષ્ણની સેવાને જ સર્વશ્રેષ્ઠ સાધન બતાવ્યું છે.

૪. **પુષ્ટિપ્રવાહમર્યાદા ભેદ** :- ૨૫ શ્લોકોના આ ગ્રંથમાં શ્રીવલ્લભે પાંચ પ્રકારના સ્વાભાવિક દોષો દર્શાવી ઈશ્વર કૃપા દ્વારા તે કઇ રીતે દૂર થાય તેની વાત કરી છે.

૫. **સિદ્ધાંત રહસ્ય** :- ૯ શ્લોકોના આ ગ્રંથમાં પાંચ પ્રકારના દોષો તથા બ્રહ્મસંબંધ દ્વારા એ દોષોમાંથી નિવૃત્તિ મેળવવાની વાત કરી છે.

૬. **નવરત્ન** :- નવધાભક્તિના નવ અંગ સમાન ૯ શ્લોકોના આ લઘુ ગ્રંથમાં બધી વસ્તુઓને ઈશ્વરને અર્પણ કરવાની વાત છે.

૭. **અન્ત:કરણ પ્રબોધ** :- ૧૦ શ્લોકોના આ ગ્રંથમાં આત્મપરીક્ષણ તથા ક્ષમા માટે ઈશ્વરની પ્રાર્થના કરવા પર ભાર મૂક્યો છે. બધી વસ્તુઓ પર ઈશ્વરનું સ્વામિત્વ છે તેમ દર્શાવેલ છે.

૮. **વિવેકધૈર્યાશ્રય** :- ૧૭ શ્લોકોના આ ગ્રંથમાં ઈશ્વરમાં પૂર્ણ વિશ્વાસનો આગ્રહ કર્યો છે. ઈશ્વર સર્વજ્ઞ છે, અને તે હંમેશાં ભક્તોના કલ્યાણનું ધ્યાન રાખે છે.

૯. **કૃષ્ણાશ્રય** :- ૧૧ શ્લોકોના આ ગ્રંથમાં શ્રીકૃષ્ણ પ્રભુ પર જ બધી રીતે આશ્રય રાખવાની વાત કરી છે. આમાં શરૂઆતના ૧૦ શ્લોકો શરણાગતિના અને છેલ્લો એક શ્લોક ફલશ્રુતિનો છે.

૧૦. **ચતુ:શ્લોકી** :- કૃષ્ણાશ્રયને કેન્દ્રમાં રાખી આ ૪ શ્લોકોની રચના કરી છે. ભક્તના યોગક્ષેમનું વહન કરનારા ભગવાન સ્વયં છે. આથી વિશ્વાસથી પ્રગતિ કરવી. ભક્તિ મોક્ષ કરતાં પણ ઉત્તમ પુરુષાર્થ છે.

૧૧. **ભક્તિવર્ધિની** :- ૧૧ શ્લોકોની આ લઘુ ગ્રંથમાં પ્રભુનાં માહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિ શુદ્ધપુષ્ટિમાર્ગનાં સાધનોથી કંઇ રીતે વૃદ્ધિ પામે છે તે દર્શાવેલ છે. સ્નેહ, આસક્તિ અને વ્યસન એમ પ્રેમની ત્રણ અવસ્થાઓનું વર્ણન પણ વિગતે કરેલું છે, અને શ્રીપ્રભુમાં નિશ્ચલ પ્રીતિ વૃદ્ધિ કેમ થાય તે દર્શાવેલ છે.

૧૨. **જલભેદ** :- ૨૦ શ્લોકોનો આ ગ્રંથમાં ભક્તોના વિવિધ પ્રકારો તેમજ વિવિધ ભક્તિ-પદ્ધતિઓનું પ્રતિપાદન કરેલું છે.

૧૩. **પંચપદ્યાનિ** :- ૫ શ્લોકો દ્વારા શ્રોતાઓના પ્રકારો ઉત્તમ, મધ્યમ અને અધમ વિ.ની વાત કરી છે.

૧૪. **સંન્યાસનિર્ણય** :- ૨૨ શ્લોકો ધરાવતો આ એમ નાનો ગ્રંથ છે, જેમાં કર્મમાર્ગનો સંન્યાસ, જ્ઞાનમાર્ગનો સંન્યાસ અને ભક્તિમાર્ગનો સંન્યાસ એમ ત્રણ પ્રકારના સંન્યાસનું વિવેચન કરવામાં આવ્યું છે.

૧૫. **નિરોધલક્ષણ** :- ૨૦ શ્લોકોના આ ગ્રંથમાં મનની બધી વૃત્તિઓને હંમેશાં શ્રીકૃષ્ણનાં ચરણકમળોમાં આશ્રયવાળી થવા માટે પ્રાર્થેલ છે. ભગવદ્ગુનોનું કીર્તન જ ત્રણ પ્રકારનાં તાપને હણી શકે છે. કર્મ, જ્ઞાન અને ઉપાસના એ ત્રણેમાં ભક્તિમાર્ગ ઉત્તમ છે, અને તેને વાસના રહિત બનીને અનુસરવાનું છે.

૧૬. **સેવાફલ** :- ૮ શ્લોકોની સંખ્યાવાળો આ લઘુ ગ્રંથ છે. જેમાં ભગવાનની ઉપાસનામાં આવતી મુશ્કેલીઓ તથા તેના નિવારણની તેમજ તેના ફળની વાત કરી છે.

આ પ્રમાણે સારાંશમાં આપને શ્રીમહાપ્રભુજી પ્રકટિત વાંગમયનું દર્શન કર્યું. અને આજે તો શ્રીમહાપ્રભુજીનો પ્રાગટ્યોત્સવ છે, તેથી આપણે સૌ શ્રીગોકુલેશચરણશરણાનુરાગી સેવક સમાજ શ્રીમહાપ્રભુજીના શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિનંતી કરીએ કે આપણને સૌને આપશ્રીની (શ્રીમહાપ્રભુજીની) વાણીનો યથાર્થ બોધ પ્રાપ્ત કરી અમે અમારા જીવનમાં આપશ્રીની આજ્ઞાનુસાર ઉતારીએ.

|| ShriGokulesho Jayati ||

SHRISARVADA SEVYA SHRIDADAJI SHRIGOKULESH PRABHU'S COMMENTRY ON

Bhaktivardhini

(Strengthening Devotion)

(…continued)

Gurudev :- You had learned till the 9th stanza of this sacred book of increasing Devotion viz. Bhaktivardhini. Now we move on to the 10th stanza of this sacred book.

Now let us look for the preface to start with the next Stanza. What does ShriChaturthkumar ShriGokulesh Prabhu gives orders? You are well aware that till the last stanza you had learned that ShriMahaprabhuji had described the both's fruit for the person, who is having Aasakti in Seva and also for the person who is having Aasakti in Katha. As you are well aware that in the last stanza ShriMahaprabhuji had given orders as : **SevayamVa KathayamVa**…ShriMahaprabhuji has used the word Va along with the word Seva and Katha. Where ShriMahaprabhu needed to say that either Seva, either Katha or either both Seva and Katha a person can follow to enhance His/her's life as a Devotee.

Now even ShriMahaprabhuji has given orders and made clear the fruits for a **Seva Aasakt** person and a **Katha aasakt** person. Now Here ShriGokulesh Prabhu gives us understanding that when a person gets in touch with the person who is Seva Aasakt or a Katha aasakta, and supposing if you also gets engaged in Seva or Katha, just with getting relation with that Aasakt Person, then what to do? If such type of situation arises, then ShriMahaprabhuji says that there is a possibility to get obstacles, for the newly aasakt person, how? So to understand this obstacle ShriMahaprabhuji gives further orders in the next stanza by saying **Baad-Sambhavanayam**…

BAAD-SAMBHAVNAYAM TU NAIKANTE VAAS ISHYATE ||
HARISTU SARVATO RAKSHAM KARISHYATI NA SANSHAY ||10||

ShriChaturthkumar Shrimad Gokulesh Prabhucharan gives orders for the word **Baad-Sambhavanayam**, that if there is a lack of Strong affection (**dradhaasakti**) for the person who newly got engaged in path of devotion, the strongness required for doing seva, is not there and due to lack of Dradhta the mind becomes unconscious, and this may led to the lack of Bhaava. And due to this situation the person won't be able to do either seva or katha, finally feels guilty, that I m not able to do neither Seva nor katha, and so should leave house and stay alone (**ekaant-vaas**).

This is not a right thought which ShriGokulesh Prabhucharan gives the orders. That by leaving Seva or just staying alone somewhere, is not legible. Some person gets such feeling that if some devotee can perform worship (seva), so why I can't do? If such type of question arises in the person who newly engaged to path of devotion, for such person ShriGokulesh Prabhu gives orders that no, such type or thought is not proper, as it is just Ego-Satisfaction, as such thought is not getting or helping the person to get involved in the most upper stage of performing Seva.

By looking at other's deeds person might get diverted somewhere else, and then the thought arose to do Ekant Vaas (staying alone). These all is the illusionary methodology, which is not the path of ShriMahaprabhuji's

Pushtimarg, which ultimately leads for the person to lack of Bhagavada Bhaava-Aasakti, and so not able to do neither seva nor katha. So person feels guilty of own and feels to leave his own home, and thought to only do Bhagavada-naam-smarana. By this thought in the mind, person does Ekaant Vaas (staying alone).

ShriMahaprabhuji gives orders that such thought is not proper. Do understand the path of devotion properly and take any steps. Never leave doing Seva by own. Seva is the main purpose for the person coming to this path of devotion, as Shastras says that any jeev taking birth to this earth is Garbha-Dasa (servent of Lord right from womb of mother). So if being a Dasa of ShriHari, and not serving ShriHari, is not proper. So if the person leaves own house leaving seva than that person gets possibility of getting obstacles.. **Baad-Sambhavanayam**...

ShriMahaprabhuji further gives orders that **Na-Ekante Vaas Ishyate**..Should not stay alone, as it is not proper. Why? because first thing left performing Seva and without any thought of staying alone, which is not Isht-proper. Performing Seva is the only Isht-proper-best way. It is not the best way, because in the inner conscious if some material thought appears, then it becomes obstacles and sometimes the uncertain situation occurs, then how to overcome that obstacles?

ShriMahaprabhuji is Vaakpati, and has kept all the possibilities and the solutions of what can happen to the person who is the part of His Path of Devotion. If person is not in position to perform seva at home, as there are obstacles, the goes to stay alone out of his house, and even there also obstacles will be there, but to overrule that obstacles, ShriMahaprabhuji has given orders that stay at Haris**Tu**.

By performing seva with all Udhweghs, ShriMahaprabhuji gives orders that God, who is Almighty, and who is Sarva Dukha Haran Samarthyavana, will destroy all the pains of the person who had strong affiliation for Seva. The obstacles appearing in the person's wellbeing and that to for worship towards Him (God), then God is ShriHari, who will remove all obstacles and will donate the Treasury of Worship, for which ShriMahaprabhuji has used the words as Haris**Tu** Sarvato Raksham Karishyati na Sanshaya...


One thing is remarkable for all of us over here that How much Emphasis ShriMahaprabhuji gives on Seva, that in life whatever situation comes, but one should not leave doing Seva. Never dazzle the Aashraya of one's own in God. Each and every aspect for upliftment of the person, ShriMahaprabhuji shows the possibilities that how the person can reach ahead towards ultimate goal of Devotion. ShriMahaprabhuji gives orders with word Na Sanshaya..don't keep doubt.

ShriGokulesh Prabhu here gives orders that keep real faith always in God that whatever happens is with His own wish. If at any circumstances doubt arises in the deeds of God, then that will be obstacle-baadhakam. How can we create a doubt in deeds of God, as He is the only Almighty happening in this world, who is Sarva Samarthyavana, then how a doubt arise? So In whatsoever situation appears, ShriHari is the only way, ShriHari is clever. In ShriGitaji 4.40, God gives orders as "**Sanshayatma Vinashyati**.." Never create doubt in deeds of God, as if else thought, then will destroy the feelings-Bhaava.

ShriGokulesh Prabhu is the commentrator of this Sacred book, and He further says that till here I showed, that without creating any doubt in ShriKrishna, keep in the mind that "**Bhagavan Raksham Karishyati...**" God will do all my good-bad. So keep all in kind if the person now gets engaged to Seva, then "**Bhagavanapi Raksham Karotyeva**", God will surely protect you. No doubt, **na Sanshaya**... So to make this point clear ShriMahaprabhuji has used the word **Tu** in the word "Haris**Tu**", which strongly implies that Except God no one else is capable of protecting. Only and only ShriHari will Protect. Also this method is applicable for the person who is Aaskata in Katha method of devotion..........

……….will continue the Commentry





તાત તણો પ્રતિબિંબ રે રસના

વર્ષ ૩ અંક ૧
શ્રીવરુથિની
એકાદશી વ્રત
ચૈત્ર વદ ૧૧,
૨૦૬૬



શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપને આજ્ઞા કીની જે શ્રીઠાકોરજીકી સેવા તે ગુરૂકી સેવામેં વિશેષતા હૈ, ઓર ગુરૂકી સેવા તે ભગવદીયકી સેવામેં વિશેષતા હૈ, પરિ યા કાલમેં ભગવદીયકી સેવા નિ:સ્વાર્થસે સદા સર્વદા એક રસસો કરની બહોત કઠીન હે, ગુરૂ કૃપાતેં બને; યાસું ભાવપૂર્વક તીનોનકી યથાર્થ સ્વરૂપ જાન કે સેવા કરની. ૮૪